**આંક–**

દાખલ તારીખ : ૨૦/૧૦/૨૧

નોંધ્યા તારીખ : ૨૦/૧૦/૨૧

ફેસલ તારીખ : ૨૩ /૦૪/૨૬

સમય ગાળો : વષ માસ દિવસ

**રાજકોટના મ્હે. ૮ માં એડી. સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટ માં, મું. રાજકોટ.**

**––––––––––––––––––––––––––––––––––––**

**<u>રે.દિ.કેસ નં.૨૨૪/૨૦૨૧</u>**

**ચંદુભાઈ મનજીભાઈ પોપટ,**
હિન્દુ ઉ.વ.આ.૭૩.પંધો. નિવૃત,
ઠે. "સુનિલ", ૧, ગોપાલનગર,
આમ્રપાલી સીનેમા સામે,
રૈયારોડ, રાજકોટ. **. . . . .વાદી**

**–: વિરૂદ્ધ :–**

**(૧) મુથુટ ફાયનાન્સ લી.**
**થ્રુ જનરલ મેનેજરશ્રી,**
મુથુટ ટાવર્સ, પ્લોટ નં.૨,
કોમ્યુનીટી સેન્ટર,અલકનંદા,
સેન્ટ જયોર્જ સ્કુલ પાછળ,
ન્યુ દિલ્હી,૧૦૦૧૯.

**(૨) રીજીયોનલ મેનેજરશ્રી,**

**મુથુટ ફાયનાન્સ લી.**

૨૦૨, શિવાલીક–૫,

મહાલક્ષ્મી ક્રોસ રોડ, પાલડી,

અમદાવાદ–૩૮૦૦૦૭.

**(૩) બ્રાન્ચ મેનેજરશ્રી,**

**મુથુટ ફાયનાન્સ લી.**

સમૃધ્ધિભવન,શોપ નં.યુએલ/૯/૧૦/૧૧.

બોમ્બે ગેરેજ પેટ્રોલ પમ્પ સામે,

ગોંડલ રોડ,

રાજકોટ. **. . . . .પ્રતિવાદીઓ**

બાબત :– લેણી રકમ રૂા.૮૩,૦૦૦/–ચડત વ્યાજ સાથે તથા અસલ ડીગ્રી સર્ટીફિકેટ પરત મળવા તથા વિજ્ઞાપન કરી આપવા.

---

| | | |
|---|---|---|
| **વાદી તર્ફે** | **:** | **વિ.વકીલ શ્રી કે. ડી. શાહ** |
| **પ્રતિવાદીઓ તર્ફે** | **:** | **વિ.વકીલ શ્રી ડી.સી.જોષી** |

---

## –: ચૂ કા દો :–

**૧.** વાદીના દાવાની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

અમો વાદી ઉપર કહયાં સરનામે રહીએ છીએ અને હાલમાં નિવૃત જીવન જીવીએ છીએ. વધુમાં અમો વાદી આ કામના પ્રતિવાદી

નં.૧ ની રાજકોટ ખાતે આવેલ બાન્ચ ઓફીસ મુથુટ ફાયનાન્સ લી.એટલે કે પ્રતિવાદી નં.૩ માં ગત તા.૧૨/૦૧/૨૦૦૯ નારોજ પ્રતિવાદીના ઓફર લેટરના અનુસંધાને ૩ વર્ષ ના કરારથી બ્રાન્ચ મેનેજર તરીકે નોકરીમાં જોડાયેલા અને ઓફર લેટર અને કરારની શરત મુજબ સદરહુ કરાર એટલે કે અમારી નોકરીનો કાર્ય કાળ તા.૧૧/૦૧/૨૦૧૨ નારોજ પુર્ણ થતો હતો,વધુમાં અમારી નોકરી ના અનુસંધાને જે તે સમયે અમારે રજુ કરવાના થતા અમારા અસલ ડીગ્રી સર્ટીફિકેટસ જેવા કે,ગુજરાત સેકન્ડરી એકઝામીનેશન સર્ટીફિકેટ તથા બી. એસ.સી.ની ડીગ્રીનુ ગુજરાત યુનીવર્સીટીએ ઈસ્યુ કરેલ સર્ટીફિકેટ વગેરે તમામ અસલ સર્ટીફિકેટસ અમોએ પ્રતિવાદીઓ પાસે સબમીટ કરેલા જેની પ્રતિવાદીઓએ અમોને પહોંચ તથા લેટર ઓફ પ્લેસમેન્ટ આપેલ.(આ સાથે પ્રતિવાદીઓએ અમોને નોકરીમાં સીલેકટ કર્યાનો પત્ર,અમારા અસલ સર્ટીફિકેટસ સ્વિકારીને આપેલ પહોંચ તથા લેટર ઓફ પ્લેસમેન્ટ દ.પુ.થી રજુ રાખેલ છે.) અમારો નોકરીનો કાર્યકાળ એટલે કે ૩ વર્ષનો કરાર તા.૧૧/૦૧/૨૦૧૨ નારોજ પુર્ણ થતો હોય અને પ્રતિવાદીઓએ અમારો કરાર રીન્યુ કરેલ ન હોય, તેમજ અમારા કૌટુમ્બિક સંજોગો અને જવાબદારીઓને ધ્યાને લઈ અમો પણ આગળ ઉપર નોકરી કરી શકીએ તેમ ન હોય, અમોએ તા.૧૩/૦૧/૨૦૧૨ નારોજ પ્રતિવાદીની નોકરીમાંથી રીઝાઈન કરેલ અને તા.૧૩/૦૧/૨૦૧૨ નારોજ અમારો ચાર્જ ઈન્ચાર્જને સોંપી આપેલ અને  કરારની શરત મુજબ અમોએ કરારની

પુરી સમયમર્યાદા સુધી એટલે કે કરાર પુર્ણ થતા સુધી પ્રતિવાદીઓને ત્યાં નોકરી કરેલ હોય,એટલે કે ૩ વર્ષ ના સમયગાળા દરમ્યાન અધવચ્ચે નોકરી છોડેલ ન હોય, તેજ રીતે પ્રતિવાદીઓએ અમારો કરાર રીન્યુ પણ કરેલ ન હોય, તે સંજોગોમાં અમારે તેઓને ૧ માસ અગાઉ નોટીસ આપવાની જરૂરીયાત રહેતી ન હતી. પ્રતિવાદીઓ ધ્વારા અમોને નોકરીના સમયગાળા દરમ્યાન ચુકવવામાં આવેલ પગાર તેમજ ઈન્સેન્ટીવ્સ વગેરે વાસ્તે એકસિસ બેન્કનું અમારા ખાતાનું સ્ટેટમેન્ટ તથા અમોએ પ્રતિવાદીના અન્ય અધીકારી ને ચાર્જ સોંપ્યા અંગેનો લેટર તથા અમારી હકક રજાઓ વગેરે જેનુ લીવ એન્કેશમેન્ટ બાકી હતુ તે અંગે પ્રતિવાદીના લેટરની નકલ આ સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે,તેજ રીતે પ્રતિવાદીઓ તરફથી અમારી પ્રોવિડન્ટ ફંડ, ૧૩ દિવસની સેલરી, ૧૮ દિવસનુ લીવ એન્કેશમેન્ટ તેમજ છેલ્લા કવાર્ટર એટલે કે ઓકટોબર થી ડીસેમ્બર–૨૦૧૧ નુ ઈન્સેન્ટીવ, ૨ માસનુ પરચુરણ ઈન્સેન્ટીવ, મેડીકલ પે મળવા તથા અમારા અસલ એજયુકેશનલ સર્ટીફિકેટસ પરત મળવા વાસ્તે તા.૦૧/૦૫/૨૦૧૨ ના રોજ પ્રતિવાદીઓને રજી.એ.ડી.થી પત્ર લખેલ,તે રીતે ફરીથી તા.૦૫/૦૫/૧૨ નારોજ પત્ર લખેલ, પરંતુ પ્રતિવાદીઓએ તેનુ કોઈ કોમ્પલાય કે રીપ્લાય કરેલ નહીં,જેથી અમોએ પ્રતિવાદીઓ વિરુધ્ધ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયામાં ફરીયાદ કરતા તેઓએ અમારી ફરીયાદના અનુસંધાને પ્રતિવાદીઓ સાથે કોમ્યુનીકેશન કરેલ અને તેની એક નકલ અમો વાદીને પણ મોકલેલ,જેના

અનુસંધાને પ્રતિવાદીઓએ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને ખોટો અને ઉડાઉ જવાબ આપેલ,તે સમયગાળા દરમ્યાન અમોએ નાયબ શ્રમ આયુકતની કચેરી, રાજકોટને ફરીયાદ કરતા તેઓએ પ્રતિવાદીઓની ઓફીસમાં જાતે તપાસ કરી નોંધ કરી પ્રતિવાદી નં.૩ ના તત્કાલીન મેનેજર શ્રી પરીખને નોટીસ આપેલ,જેની એક નકલ અમોને મોકલેલ,પરંતુ ત્યાર બાદ નાયબ શ્રમ આયુક્તની કચેરી ધ્વારા કોઈ આગળ કાર્યવાહી કરવામાં આવેલ નહીં, જેથી અમોએ ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓને તા.૦૯/૧૧ / ૨૦૧૨ ના રોજ અમારા પુત્ર એડવોકેટ શ્રી સુનિલ સી.પોપટ ધ્વારા નોટિસ આપેલ પરંતુ પ્રતિવાદીઓએ તે નોટીસના અનુસંધાને કોઈપણ પ્રકારનું કોમ્પલાયન્સ કરેલ નહીં કે રીપ્લાય આપેલ નહીં, (ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ આ સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે.) આ કામના પ્રતિવાદીઓ અમારી કાયદેસરની હકકરજા, લીવ એન્કેશમેન્ટ, ઈન્સેન્ટીવ્સ વગેરેની રકમ ઓળવી જવાના એક માત્ર ઈરાદે કોઈપણ પ્રકાર નુ ચુકવણુ ન કરતા કે અમારા અસલ સર્ટીફિકેટસ પરત ન કરતા અમોને કોઈ કાયદાકીય જ્ઞાન ન હોય, અમોએ આ કામના પ્રતિવાદીઓ સામે રાજકોટની મજુર અદાલત સમક્ષ રીકવરી અરજી નં.૨/૧૩ થી દાખલ કરેલ,આ સાથે રીકવરી અરજી નં.૨/૧૩ ની નકલ દ.પુ.લી.થી રજુ છે. આ કામના પ્રતિવાદીઓની નિતી અમારી કાયદેસરની લેણી રકમ ઓળવી જવાની હોય, આ કામના પ્રતિવાદીઓએ સદરહુ રીકવરી અરજી નં.૨/૧૩ માં ના લેબર કોર્ટની હકુમત અંગે વાંધો લીધેલ

અને સદરહુ અરજી ચલાવવા/સાંભળવા ના.લેબર કોર્ટ, રાજકોટને હકુમત નથી, તેવુ પોતાના જવાબમાં જણાવેલ, પ્રતિવાદીએ ના.લેબર કોર્ટમાં રીકવરી અરજી નં.૨/૧૩ માં આંક-૮ થી રજુ કરેલ રજુ છે. ત્યારબાદ ના.લેબર કોર્ટે હકુમત અંગે પ્રાથમીક મુદ્દો કાઢવાને બદલે રીકવરી અરજી ચલાવેલ અને ત્યારબાદ સદરહુ રીકવરી અરજી નં.૨/૧૩ માં મુદ્દા નં.૧ એવો કાઢેલ કે,"શું સામાવાળાનો બચાવ બોનાફાઈડ છે કે અરજદાર કામદારની વ્યાખ્યામાં આવતા નથી ? "સદરહુ મુદ્દાનો નિર્ણય હકારમાં આપી અમો અરજદારની રીકવરી અરજી હકુમતના ગ્રાઉન્ડસરે તા.૪/૦૭/૨૦૧૯ નારોજ નામંજુર યાને કે રદ કરેલ,આ સાથે ના.લેબર કોર્ટના હુકમની નકલ દ.પુ.લી.થી રજુ છે. તેમ છતા આ કામના પ્રતિવાદીઓને વધુ એક તક આપવાના શુભ ઈરાદે અમોએ એડવોકેટ શ્રી કે.ડી.શાહ મારફત તા.૨૦/૦૨/૨૦૨૦ નારોજ પ્રતિવાદી નં. ૨-૩ ને અમારી લેણી રકમ તથા તેઓની પાસે રહેલ અમારા સર્ટીફિકેટસ સોંપી આપવા વાસ્તે રજી.એ.ડી.થી નોટીસ મોકલેલ,જે પ્રતિવાદીઓને મળી ગયેલ છે, પરંતુ આ કામના પ્રતિવાદીઓએ સદરહુ નોટીસના અનુસંધાને કોઈપણ જાતનો રીપ્લાય આપેલ નથી કે કોમ્પલાય કરેલ નથી, જેના ઉપરથી અમારી લેણી રકમ ઓળવી જવાનો આ કામના પતિવાદીઓનો ઈરાદો સ્પષ્ટ થાય છે,આ સાથે પ્રતિવાદીઓને તા.૨૦/૦૨/૨૦૨૦ નારોજ મોકલેલ નોટીસ તથા એકનોલોજમેન્ટની નકલ દ.પુ.લી.થી રજુ રાખેલ છે. આ કામના પ્રતિવાદીઓએ સને-૨૦૧૨ માં અમોએ

નોકરીમાંથી છુટા થયા બાદ અમારા બાકી પગારની બાકી લેણી રકમ તથા સર્ટીફિકેટસ પરત ન કરતા અમોએ તેઓની સામે રીકવરી અરજી નં.૨/૧૩ થી દાખલ કરેલ,જે કાયદાકીય અજ્ઞાનના કારણે હકુમત વગરના ફોરમમાં દાખલ થયેલ અને તે અરજી ના .લેબર કોર્ટે તા.૦૪/૦૭/૨૦૧૯ નારોજ નિર્ણીત કરી હકુમતના અભાવે રદ કરેલ,તે સંજોગોમાં તે સમયગાળો અમોને મજરે મળે કે બાદ મળે કે સેટઓફ મળે અને ત્યારબાદ ૨૦૨૦ માં તેઓને નોટીસ પાઠવેલ અને ત્યારબાદ કોવિડ–૧૯ ની મહામારીને કારણે ૧ વર્ષથી વધુ સમય કોઈ કાર્યવાહી થઈ શકેલ નહીં, પરંતુ કોવિડ–૧૯ ની મહામારીનો સમય બાદ ન કરીએ તો પણ ના.લેબર કોર્ટે તા.૦૪/૦૭/૧૯ નારોજ રીકવરી અરજીનો ચુકાદો આપેલ હોય,ત્યારથી ૩ વર્ષનુ લીમીટેશન ગણતા,હાલનો દાવો લીમીટેશનમાં છે. અમોએ, પ્રતિવાદીઓની રાજકોટ ઓફીસ ખાતે જ સને–૨૦૦૯ થી જાન્યુઆરી–૨૦૧૨ સુધી નોકરી કરેલ હોય, તેમજ અમારા એજયુકેશનલ સર્ટીફિકેટસ રાજકોટ બ્રાન્ચમાં જ સબમીટ કરેલ હોય,તે સંજોગોમાં હાલનો દાવો ચલાવવા/સાંભળવા આપ ના.કોર્ટને હકુમત છે. દાવાની હકુમત વાસ્તે કોર્ટ ફી વાસ્તે અમારી લેણી રકમ રૂા. ૮૩,૦૦૦/–ઉપર દાવાનો આંક બાંધી તેના ઉપર જરૂરી રૂા.૫,૫૦૦/– ના કોર્ટ ફી સ્ટેમ્પ આ સાથે રજુ રાખેલ છે.

સબબ અરજ કરવાની કે,

(એ) અમો વાદીનો હાલનો દાવો મંજુર કરી,આ કામના

પ્રતિવાદીઓ નુ અમારી ઈન્સેન્ટીવ્સ, પગાર, રજા પગાર, ૧૩ દિવસનો નોકરીનો પગાર, તેમજ પ્રોવિડન્ટ ફંડ, વગેરેની કુલ રકમ રૂા.૮૩,૦૦૦/–તથા અમારા અસલ ડીગ્રી સટીફિકેટસ વિથહેલ્ડ કરી રાખવાનુ/રોકી રાખવાનુ કૃત્ય ગેરકાયદેસર અને અન્યાયી છે,તેવું ઠરાવી આપવા મહે.કરશો તથા,

(બી) અમો વાદીની પ્રતિવાદીઓ પાસે અમારી કાયદેસરની લેણી રકમ રૂા.૮૩,૦૦૦/–આ કામના પ્રતિવાદીઓ સંયુકત અને વિભકત રીતે દાવા તારીખથી ૧૨% ના ચડત વ્યાજ સાથે અમોને ચુકવી આપે તથા પ્રતિવાદીઓ અમારા બન્ને અસલ ડીગ્રી સર્ટીફિકેટ અમોને પરત સોંપી આપે તેવો ન્યાયના હીતમાં હુકમ ફરમાવવા મહે.કરશો તથા,

(સી) પ્રતિવાદીઓ અમો વાદીની કાયદેસરની લેણી રકમ રૂા.૮૩,૦૦૦/– દાવા તારીખથી ૧૨% વ્યાજ સાથે ચુકવવામાં નિષ્ફળ જાય તો અમો વાદી, પ્રતિવાદીઓની દરેક પ્રકારની સ્થાવર તેમજ જંગમ મીલ્કત માંથી ઉપરોકત રકમ વસુલ મેળવી શકીએ તે મુજબનુ હુકમનામુ અમો વાદીના લાભમાં,પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવા મહે.કરશો તથા,

(ડી) દાવાનુ તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા મહે.કરશો તથા,

(ઈ) દાવાના અનુસંધાને અન્ય જરુરી હોય તેવી દાદ ફરમાવવા મહે.કરશો

૨. ત્યારબાદ, આ કામના પ્રતિવાદીઓને નોટીસ કાઢવામાં આવેલ છે જે નોટિસ પ્રતિવાદીઓને બજી ગયેલ છે અને પ્રતિવાદીઓ તરફે આંક–૭ થી વાદીના દાવાનો જવાબ રજુ કરેલ છે અને તેમા જણાવે છે કે, વાદીને આ કે આવા પ્રકારનો દાવો કરવાનો કોઈ કાયદેસર હક્ક નથી.

વાદીનો દાવો તદ્દન ખોટો, ગળેપળુ, સત્ય હકીકતોથી વેગળી અને ઉપજાવી કાઢેલો હોય , જેથી દાવો થવાને પાત્ર છે.વાદીનો દાવો સમયમર્યાદા વીતી ગયા બાદ દાખલ થયેલ હોય, એટલે કે વાદીનો દાવો ડીલે લેચીસના કારણે રદ થવાને પાત્ર છે. વાદીએ આ દાવો સમયમર્યાદા વીતી ગયા બાદ દાવો દાખલ કરેલ હોય, દાવો દાખલ કરતા પહેલા વિલંબ માફ કરવાની અરજી આ દાવા અરજી સાથે રજુ થયેલ ન હોય, જેથી પણ આ દાવો રદ થવાને પાત્ર છે. વાદીના દાવામાં જણાવેલ ૧ થી ૧૧ પારાઓમાં તથા પારા–૧૨ ના પેટા પારા એ થી ઈ માં દર્શાવેલ તમામ હકીકતોનો અમો પ્રતિવાદી આથી સ્પષ્ટપણે ઈન્કાર કરીએ છીએ અને કબુલ રાખતા નથી. તથા વાદીની દાવા અરજીમાં દર્શાવેલ તમામ વિધાનો, આક્ષેપો, નિવેદનો તદ્દન ખોટા, અપ્રસ્તુત, સત્ય હકીકતોથી વેગળા અને ઉપજાવી કાઢેલા હોય, તે તમામનો અમો પ્રતિવાદી આથી સ્પષ્ટપણે ઈન્કાર કરીએ છીએ અને કબુલ રાખતા નથી. અમો પ્રતિવાદી આ જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતો અને વિગતોનો અમો ઈન્કાર કરીએ છીએ અને કબુલ રાખતા નથી. ઉપરોકત હકીકતોને બાધ આવ્યા સિવાય વાદીની દાવા અરજી તથા પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતોનો પારા વાઈઝ જવાબ અમો પ્રતિવાદી નીચે મુજબ આપીએ છીએ. આ કામના વાદીના દાવા અરજીના પેરા–૧ થી ૪ અંગે જણાવવાનુ કે, વાદી પ્રતિવાદી નં.૧ ની રાજકોટ ખાતે આવેલ બ્રાન્ચ ઓફીસ મુથુટ ફાયનાન્સ લી. એટલે કે પ્રતિવાદી નં.૩ માં

તા.૧૨/૦૧/૨૦૦૯ ના રોજ પ્રતિવાદીના ઓફર લેટરના અનુસંધાને ૩ વર્ષના કરારથી બ્રાન્ચ મેનેજર તરીકે નોકરીમાં જોડાયેલા કે ઓફર લેટર અને કરારની શરત મુજબ સદરહું કરાર એટલે કે અમારી નોકરીનો કાર્યકાળ તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ પૂર્ણ થતો હતો કે અમારી નોકરીના અનુસંધાને જે તે સમયે અમારે રજુ કરવાના થતા અમારા અસલ ડીગ્રી સર્ટીફીકેટસ જેવા કે ગુજરાત સેકન્ડરી એકઝામીનેશન સર્ટીફીકેટ તથા બી.એસ.સી. ડીગ્રીનું ગુજરાત યુનીવર્સીટીએ ઈસ્યુ કરેલ સર્ટીફીકેટ વિગેરે તમામ અસલ સર્ટીફીકેટ અમોએ પ્રતિવાદીઓ પાસે સબમીટ કરેલા કે જેની પ્રતિવાદીઓએ અમોને પહોંચ તથા લેટર ઓફ પ્લેસમેન્ટ આપેલ કે પ્રતિવાદીઓએ અમોને નોકરીમાં સીલેકટ કર્યાનો પત્ર આપેલ કે અમારો નોકરીનો કાર્યકાળ ૩ વર્ષનો કરાર તા.૧૧/૦૧/૨૦૧૨ ના રોજ પૂર્ણ થતો હોય કે પ્રતિવાદીઓએ અમારો કરાર રીન્યુ કરેલ ન હોય કે તેમજ અમારા કૌટુમ્બિક સંજોગો અને જવાબદારીઓને બાને લઈ અમો પણ આગળ ઉપર નોકરી કરી શકીએ તેમ ન હોય કે અમોએ તા.૧૩/૦૧/૨૦૧૨ ના રોજ પ્રતિવાદીની નોકરીમાં રીઝાઈન કરેલ કે તા. ૧૩/૦૧/૨૦૧૨ ના રોજ અમારો ચાર્જ ઈન્ચાર્જને સોંપી આપેલ કે કરારની શરત મુજબ અમોએ કરારની સમયમર્યાદા સુધી એટલે કે કરાર પૂર્ણ થતા સુધી પ્રતિવાદીઓને ત્યાં નોકરી કરેલ હોય કે એટલે કે ૩ વર્ષ ના સમયગાળા દરમ્યાન અધવચ્ચે નોકરી છોડેલ ન હોય કે પ્રતિવાદીઓએ અમારો કરાર રીન્યુ પણ કરેલ ન હોય કે તે સંજોગોમાં

અમારે તેઓને ૧ માસ અગાઉ નોટીસ આપવાની જરૂરીયાત રહેતી ન હતી કે પ્રતિવાદીઓ દ્વારા અમોને નોકરીના સમયગાળા દરમ્યાન ચુકવવામાં આવેલ પગાર તેમજ ઈન્સેન્ટીવ્યસ વિગેરે વાસ્તે એકસીસ બેંકનું અમારા ખાતાનુ સ્ટેટમેન્ટ કે અમોએ પ્રતિવાદીના અન્ય અધિકારીને ચાર્જ સોંપ્યા અંગેનો લેટર કે અમારી હકક રજાઓ વગેરે જેનુ લીવ એન્કેશમેન્ટ બાકી હતુ કે પ્રતિવાદીઓ તરફથી અમારી પ્રોવીડન્ડ ફંડ કે ૧૩ દિવસની સેલેરી કે ૧૮ દિવસનું લીવ એન્કેશમેન્ટ કે તેમજ છેલ્લા કવાર્ટર એટલે કે ઓકટોબર થી ડીસેમ્બર–૨૦૧૧ નું ઈન્સેન્ટીવ કે ૨ માસનુ પરચુરણ ઈન્સેન્ટીવ કે મેડીકલ પે મળવા કે અમારા અસલ એજયુકેશનલ સર્ટીફીકેટસ પરત મળવા વાસ્તે તા.૦૧/૦૫/૨૦૧૨ ના રોજ પ્રતિવાદીઓને રજી.એ.ડી. થી પત્ર લખેલ કે તે રીતે ફરી તા.૦૫/૦૫/૨૦૧૨ ના રોજ પત્ર લખેલ કે પરંતુ પ્રતિવાદીઓએ તેનું કોઈ કોમ્પ્લાય કે રીપ્લાય કરેલ નહી કે જેથી અમોએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયામાં ફરીયાદ કરતા કે તેઓએ અમારી ફરીયાદના અનુસંધાને પ્રતિવાદીઓ સાથે કોમ્યુનીકેશન કરેલ કે જેના અનુસંધાને પ્રતિવાદીઓએ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને ખોટો અને ઉડાઉ જવાબ આપેલ કે તે સમયગાળા દરમ્યાન અમોએ નાયબ શ્રમય આયુક્તની કચેરી, રાજકોટને ફરીયાદ કરતા કે તેઓએ પ્રતિવાદીઓની ઓફીસમાં જાતે તપાસ કરી નોંધ કરી કે પ્રતિવાદી નં.૩ ના તત્કાલીન મેનેજર શ્રી પરીખને નોટીસ આપેલ કે નાયબ શ્રમ આયુકતની કચેરી દ્વારા કોઈ

આગળ કાર્યવાહી કરવામાં આવેલ નહિ કે જેથી અમોએ આ કામના પ્રતિવાદીઓને તા.૦૯/૧૧/૨૦૧૨ ના રોજ અમારા પુત્ર એડવોકેટ શ્રી સુનીલ સી. પોપટ દ્વારા નોટીસ આપેલ પરંતુ પ્રતિવાદીઓએ તે નોટીસ અનુસંધાને કોઈપણ પ્રકારનું કોમ્પ્લાયન્સ કરેલ નહિ. વિગેરે તમામ વિધાનો, આક્ષેપો, નિવેદનો તદ્દન ખોટા, અપ્રસ્તુત, સત્ય હકીકતોથી વેગળા અને ઉપજાવી કાઢેલા હોય, તે તમામનો અમે પ્રતિવાદી આથી સ્પષ્ટપણે ઈન્કાર કરીએ છીએ અને કબુલ રાખતા નથી. આ કામના વાદીના દાવા અરજીના પેરા–૫ થી ૧૧ અંગે જણાવવાનુ કે, આ કામના પ્રતિવાદીઓ અમારી કાયદેસરની હકક રજા કે લીવ એન્કેશમેન્ટ કે ઈન્સેન્ટીવ વિગેરેની રકમ ઓળવી જવાના એક માત્ર ઈરાદે કોઈપણ પ્રકારનું ચુકવણું ન કરતા કે અમારા અસલ સર્ટીફીકેટસ પરત ન કરતા કે અમોને કોઈ કાયદાકીય જ્ઞાન ન હોય કે અમોએ આ કામના પ્રતિવાદીનો સામે રાજકોટની મજુર અદાલત સમક્ષ રીકવરી અરજી નં.૦૨/૨૦૧૩ દાખલ કરેલ કે આ કામના પ્રતિવાદીઓએ સદરહું રીકવરી અરજી નં.૦૨/૨૦૧૩ માં નામદાર લેબર કોર્ટની હકુમત અંગે વાંધો લીધેલ કે સદરહું અરજી ચલાવવા/સાંભળવા નામદાર લેબર કોર્ટ, રાજકોટને હુકમત નથી તેવું પોતાના જવાબમાં જણાવેલ કે નામદાર લેબર કોર્ટે હકુમત અંગે પ્રાથમિક મુદ્દો કાઢવાને બદલે રીકવરી અરજી ચલાવેલ કે ત્યારબાદ સદરહું રીકવરી અરજી નં.૦૨/૨૦૧૩ માં મુદ્દા નં.૧ એવો કાઢેલ કે શું સામાવાળાનો બચાવ બોનાફાઈડ છે કે અરજદાર કામદારની

વ્યાખ્યામાં આવતા નથી કે સદરહું મુદ્દાનો નિર્ણય હકારમાં આપી કે અરજદારની રીકવરી અરજી હકુમતના ગ્રાઉન્ડસર તા.૦૪/૦૭/૨૦૧૯ ના રોજ નામંજુર યાને રદ કરેલ કે અમોએ પ્રતિવાદીઓને વધુ તક આપવાના શુભ ઈરાદે એડવોકેટ શ્રી કે.ડી.શાહ મારફત તા.૨૦/૦૨/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી નં.૨–૩ ને અમારી લેણી રકમ તથા તેઓની પાસે રહેલ અમારા સર્ટીફીકેટસ સોંપી આપવા વાસ્તે રજી.એ.ડી. થી નોટીસ મોકલેલ કે જે પ્રતિવાદીઓને મળી ગયેલ છે કે આ કામના પ્રતિવાદીઓએ સદરહું નોટીસના અનુસંધાને કોઈપણ જાતનો રીપ્લાય આપેલ નથી કે કોમ્પ્લાય કરેલ નથી કે જેના ઉપરથી મારી લેણી રકમ ઓળવી જવાનો આ કામના પ્રતિવાદીઓનો ઈરાદો સ્પષ્ટ થાય છે કે આ કામના પ્રતિવાદીઓએ સને–૨૦૧૨ માં અમોએ નોકરીમાંથી છુટા થયા બાદ અમારા બાકી પગારની બાકી લેણી રકમ તથા સર્ટીફીકેટસ પરત ન કરતા કે અમોએ તેઓની સામે રીકવરી અરજી નં.૦૨/૨૦૧૩ થી દાખલ કરેલ કે જે કાયદાકીય અજ્ઞાનના કારણે હકુમત વગરના કોરમમાં દાખલ થયેલ કે તે અરજી નામદાર લેબર કોર્ટે તા.૦૪/૦૭/૨૦૧૯ ના રોજ નિણીત કરી હકુમતના અભાવે રદ કરેલ કે તે સંજોગોમાં તે સમયગાળો અમોને મજરે મળે કે બાદ મળે કે સેટઓફ મળે કે. ત્યારબાદ ૨૦૨૦ માં તેઓને નોટીસ પાઠવેલ કે ત્યારબાદ કોવીડ–૧૯ ની મહામારીને કારણે ૧ વર્ષથી વધુ સમય કોઈ કાર્યવાહી થઈ શકેલ નહિ કે કોવીડ–૧૯ ની મહામારીનો સમય બાદ ન કરીએ તો પણ નામદાર લેબર

કોર્ટે તા.૦૪/૦૭/૨૦૧૯ ના રોજ રીકવરી અરજીનો ચુકાદો આપેલ હોય કે ત્યારથી ૩ વર્ષનું લીમીટેશન ગણતા કે હાલનો દાવો લીમીટેશનમાં છે કે અમોએ પ્રતિવાદીઓની રાજકોટ ઓફીસ ખાતે જ સને–૨૦૦૯ થી જાન્યુઆરી –૨૦૧૨ સુધી નોકરી કરેલ હોય કે તેમજ અમારા એજયુકેશનલ સર્ટીફીકેટસ રાજકોટ બ્રાન્ચમાં જ સબમીટ કરેલ હોય કે તે સંજોગોમાં હાલનો દાવો ચલાવવા સાંભળવા આપ નામદાર કોર્ટને હકુમત છે કે દાવાની હકુમત વાસ્તે કોર્ટ ફી વાસ્તે અમારી લેણી રકમ રૂા.૮૩,૦૦૦/– ઉપર દાવાનો આંક બાંધી તેના ઉપર જરૂરી રૂા.૫,૫૦૦/– ના કોર્ટ ફી સ્ટેમ્પ આ સાથે રજુ રાખેલ વિગેરે તમામ વિધાનો, આક્ષેપો, નિવેદનો તદ્દન ખોટા, અપ્રસ્તૃત, સત્ય હકીકતોથી વેગળા અને ઉપજાવી કાઢેલા હોય, તે તમામનો અમો પ્રતિવાદી આથી સ્પષ્ટપણે ઈન્કાર કરીએ છીએ અને કબુલ રાખતા નથી. વાદીના દાવા અરજીના પારા–૧૨ ના સબ પારા–એ થી ઈ માં માંગેલ કોઈપણ રકમ વાદી પ્રતિવાદી પાસેથી માંગવા કે મેળવવા હકકદાર થતા ન હોય, દાવો થવાને પાત્ર છે. ઉપરોકત હકીકતોને બાધ આવ્યા સિવાય અમો પ્રતિવાદી અમારા કેઈસની સત્ય હકીકતો નીચે મુજબ રજુ કરીએ છીએ. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદીએ મજુર અદાલતની રીકવરી અરજી તા.૦૪/૦૭/૨૦૧૯ ના રોજ હુકમ આવ્યા બાદ વાદીએ આ દાવો આશરે ૨ વર્ષ બાદ દાખલ કરેલ હોય, જેથી પણ વાદીનો દાવો સમયમર્યાદાના કાયદા મુજબ ટકવાપાત્ર ન હોય, દાવો રદ થવાને પાત્ર

છે. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, આ કામના વાદી મેનેજર કક્ષાના હોદા ઉપર ફરજ બજાવતા હોય, વાદીએ આ દાવા અરજીમાં જે ઈન્સેન્ટીવ પ્રોવીડન્ડ ફંડ વિગેરેની જે રકમ કે રજાના પગારની રકમ નકકી કરી આપવા અને સર્ટીફીકેટ કાઢી આપવા જણાવેલ છે તે અંગે વાદીએ અગાઉ મજુર અદાલતમાં રીકવરી અરજી નં.૦૨/૨૦૧૩ દાખલ કરી રકમની માંગણી કરેલ તે માંગણી નામદાર મજુર અદાલતે રદ કરેલ હોય, વાદીના દાવાને રેસજયુડીકેટાનો બાધ નડતો હોય, વાદીનો દાવો આ કારણસર પણ રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવીએ છીએ કે, પ્રોવીડન્ડ ફંડની રકમ મેળવવા માટે વાદીએ પ્રોવીડન્ડ ફંડ કચેરી સમક્ષ જરૂરી ફોર્મ ભરી પ્રોવીડન્ડ ફંડની રકમ મેળવવાની હોય છે. જેથી આ રકમ અંગે નામદાર કોર્ટ ન્યાય–નિર્ણય કરી શકે તેમ ન હોય અને વાદીએ આ રકમ યોગ્ય હકુમત ધરાવતી ઓથોરીટી પાસે માંગણી ન કરી આપ નામદાર પાસે આ દાદ માંગેલ હોય, જે દાદ અંગે નામદાર કોર્ટ ન્યાય–નિર્ણય કરી શકે તેમ ન હોય, જેથી પણ દાવો રદ થવાને પાત્ર છે. અમો પ્રતિવાદી વધુમાં જણાવીએ છીએ કે, વાદીએ દાવામાં માંગેલ રકમ માંગવા કે મેળવવા અંગેનો વાદીને પ્રસ્થાપિત હકક કે અધિકાર ન હોય, જેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. પ્રતિવાદી વધુમાં જણાવીએ છીએ કે, વાદીએ દાવા અરજી ઉપર યોગ્ય કોર્ટ–ફી ચોટાડેલ ન હોય, જેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વધુમા જણાવીએ છીએ વાદીના દાવાને કોવીડ–૧૯ ની મહામારીનો પ્રશ્ન નડતો ન હોય, તેમ છતાં ખોટા બહાના

બતાવી વાદીએ સમયમર્યાદા વીતી ગયા બાદ દાવો દાખલ કરેલ હોય, જેથી દાવો રદ થવાને પાત્ર છે. ઉપરોકત હકીકતો તથા દલીલો વખતે જે જે રજુઆતો કરવામાં આવી તે સમગ્ર રજુઆતો તથા રજુ રાખેલ દસ્તાવેજોને તથા દલીલોને ધ્યાને લઈ, વાદીનો દાવો રદ કરવા અરજ છે. અમો પ્રતિવાદી આ જવાબમાં સુધારો વધારો ઉમેરો ઘટાડો કરવાનો અમારો હકક કાયમ રાખીએ છીએ. અમો પ્રતિવાદી અમારા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવાનો હકક કાયમ રાખીએ છીએ.

3. ત્યારબાદ સદર દાવાના નિર્ણયાર્થે આંક–૮થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે :–

**–//મુદ્દાઓ//–**

૧. શું વાદી પુરવાર કરે છે કે તેઓ ૩ વર્ષ કરાર આધારીત નોકરી કરતા હોય તેઓ પ્રતિવાદીઓ પાસેથી ઈન્સેન્ટીવ, રજા પગાર, ૧૩ દિવસનો નોકરી પગાર તથા પ્રો.ફંડ રૂા.૮૩,૦૦૦/– મેળવવા હકકદાર છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે વાદીના અસલ ડીગ્રી સર્ટીફીકેટ પ્રતિવાદી દવારા ગેરકાયદેસર રીતે રોકી રાખવાનું કૃત્ય ગેરકાયદેસર અને અન્યાયી છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે તે ૧૨% લેખે ચડત વ્યાજે લેણી રકમ મેળવવા હકકદાર છે.

૪ શું વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ?

પ. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૬. શું હુકમ ?

**૪.** ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હ કા ર માં.

૨. હ કા ર માં.

૩. અંશત: હ કા ર માં.

૪. હ કા ર માં.

પ.. હ કા ર માં.

૬. આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**પ.** આ કામે વાદી તર્ફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**<u>-: મૌખીક તથા દસ્તાવેજી પુરાવો :-</u>**

| ક્રમ નં. | સાહેદનું નામ તથા દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | વાદી ચંદુભાઈ મનજીભાઈ પોપટ નું સરતપાસ નું સોગંદનામું | ૧૨ |
| ૨. | પ્રતિવાદીએ વાદીને આપેલ જોઈનીંગ અપોઈ મેન્ટ લેટર તા.૧૨/૧/૦૯ | ૧૭ |
| ૩ | વાદીએ રજુ કરેલ ડીગ્રી સર્ટીફીકેટની પહોંચ તા.૧૨/૧/૦૯ | ૧૮ |
| ૪. | પ્રતિવાદીએ વાદીને આપેલ પ્લેસમેન્ટ લેટર | ૧૯ |
| ૫.. | વાદીનું એકસીસ બેન્કનું સ્ટેટમેન્ટ | ૨૦ |
| ૬. | નોકરીનો સમયગાળો પૂર્ણ થતા ચાર્જ સોપ્યા નો લેટર તા.૧૩/૧/૧૨ | ૨૧ |
| ૭. | પ્રતિવાદીનો વાદીના બાકી ડયુઝનો લેટર તા.૧૩/૧/૧૨ | ૨૨ |
| ૮. | વાદીએ પ્રતિવાદીને બાકી ડયુઝ અને સર્ટીફીકેટ પરત કરવા લખેલ પત્ર | ૨૩ |
| ૯. | વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ રીઝર્વ બેન્કને લખેલ પત્ર | ૨૪ |
| ૧૦. | રીઝર્વબેન્કને પ્રતિવાદીએ આપેલ જવાબ | ૨૫ |
| ૧૧. | વાદીએ રીઝર્વબેન્કને ફરી થી લખેલ પત્ર | ૨૬ |
| ૧૨. | નાયબ શ્રમ આયુકત કચેરીએ પ્રતિવાદી ને વાદીની ફરિયાદ બાબત લખેલ પત્ર | ૨૭ |
| ૧૩. | વાદી વકીલશ્રીએ પ્રતિવાદીને મોકલેલ નોટિસ ની સ્થળપ્રત | ૨૮ |
| ૧૪. | નોટિસ રજી. એડી. કર્યાની પોષ્ટની સ્લીપ | ૨૯ |
| ૧૫. | નોટિસ રજી. એડી. થી બજી ગયાની પોષ્ટ ઓફિસની એકનોલેઝમેન્ટ | ૩૦ |
| ૧૬. | મજુર અદાલતમાં કરેલ રીકવરી અરજી નં. ૨/ ૧૩ ની નકલ | ૩૦ |
| ૧૭. | પ્રતિવાદી નં.૩ નાએ આપેલ જવાબ | ૩૧ |

| | | |
|---|---|---|
| ૧૮. | મજુર અદાલત રીકવરી અરજીનં.ર/૧૩ ના હુકમની નકલની જાણ કરવા રજી. એડી. થી વાદીને કરેલ | ૩ર |
| ૧૯. | લીગલ નોટિસ | ૩૩ |
| ર૦. | રજી.એડી.પહોંચ | ૩૪<br>૩પ |
| ર૧. | કલોઝીંગ પુરસીસ | ૩૬<br>૩૯ |

**૬.** ત્યારબાદ આ કામે આંક–૪૦ થી પ્રતિવાદી નેહલ લાલજીભાઈ મકવાણા નું જુબાનીનું સોગંદનામું રજુ થયેલ છે. તેમજ આંક–૪૧ થી વાદી તેના દસ્તાવેજો મળી ગયા અંગેની પુરસીસ રજુ થયેલ છે. પ્રતિવાદી તરફે આંક–૪૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. પ્રતિવાદી તરફે આંક–૪૩ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

**૭.** ત્યારબાદ વાદી તર્ફે વિ. વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ દલીલો સાંભળેલ છે. જયારે પ્રતિવાદી  તરફે આંક–૪પ થી લેખીત દલીલ રજુ થયેલ છે અને તેમા જણાવે છે કે, આ કામમાં વાદીએ તેની દાવા અરજી આંક – ૧ થી રજુ રાખેલ છે. જેની સામે અમો પ્રતિવાદીએ અમારો લેખીત જવાબ આંક – ૭ થી રજુ કરેલ છે. આ કામમાં વાદીએ આંક – ૪ તથા

આંક – ૧૩ થી તેમના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી દસ્તાવેજો રજુ રાખેલ છે. જેને નામદાર કોર્ટ દ્વારા પાંકા આંક – ૧૭ થી ૩૫ આપવામાં આપવામાં આવેલ છે. આંક ૪ તથા આંક – ૧૩ થી જે દસ્તાવેજો રજુ થયેલ છે તે બંને એકસરખા છે. આંક – ૮ થી મુદાઓ/ઈસ્યુ ફ્રેમ કરવામાં આવેલ છે. આંક – ૧૨ થી વાદીએ જુબાનીનું સોગંદનામું આપેલ છે અને આંક ૪૦ થી પ્રતિવાદીના સાક્ષીનું જુબાનીનું સોગંદનામું રજુ થયેલ છે. આ કામના વાદી શ્રી ચંદુભાઈ પોપટ, પ્રતિવાદીની સંસ્થામાં વાદીએ તેમની અન્ય સરકારી નોકરીમાંથી રીટાયર્ડ થયા પછી પ્રતિવાદી સંસ્થામાં નોકરી મેળવવા અરજી કરતાં તેમને નિમણુંક પત્ર તા. ૧૨.૦૧.૨૦૦૯થી આપવામાં આવેલ. જેને પાંકા આંક – ૧૭ આપવામાં આવેલ છે. આમ, આ વાદી નિમણુંક પત્રની શરત મુજબ પ્રતિવાદી સંસ્થામાં નોકરી કરતાં હતા અને વાદીએ પ્રતિવાદીની નિમણુંક પત્રની શરતો વાંચી અને સ્વીકારીને તેમાં સહિ કરેલ છે. વાદીના કેસની હકીકતમાં વાદી ૫૮ વર્ષે એક સરકારી કચેરીમાંથી નિવૃત થઈ પ્રતિવાદીની સંસ્થામાં નિમણુંક પામેલ અને તેમાં તેમનો પગાર નક્કી કરવામાં આવેલ. વાદી તા. ૧૨.૦૧.૨૦૦૯ના રોજ પ્રતિવાદીના ઓફર પત્રના અનુસંધાને રાજકોટ શાખામાં એટલે કે પ્રતિવાદી નં.૩ સંસ્થામાં બ્રાંચ મેનેજર તરીકે પ્રતિવાદીના ઓફર પત્ર અને કરારની શરતો મુજબ નોકરીમાં જોડાયેલા. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, આ કામના વાદી નોકરીની નિમણુંકની શરતોનો ભંગ કરી વાદી તા. ૧૨.૦૧.૨૦૧૨ના રોજ પોતાની

નોકરી છોડી જતા રહેલા. વાદી જ્યારે નોકરી છોડી એકાએક જતાં રહેલ હોય ત્યારે વાદીએ તેમને આપવામાં આવેલ નિમણુંક પત્રની શરતો મુજબનો પગાર સંસ્થાને આપવાનો હોય અથવા રાજીનામું આપતાં નિમણુંક પત્રની શરતો મુજબની નોટીસ પ્રતિવાદીને આપવી પડે. જે વાદીએ આ કામમાં નોટીસ કે નોટીસ પીરીયડ દર્શાવતો કોઈ પત્ર રજુ કરેલ ન હોય જેથી વાદીએ તેમની નિમણુંક પત્રની જોગવાઈઓનો ભંગ કરેલ હોય વાદી આ કામમાં માંગેલ કોઈ પણ રકમ પ્રતિવાદી પાસે માંગવા કે મેળવવા હક્કદાર નથી. અમો પ્રતિવાદી તરફે જણાવીએ છીએ કે, પ્રતિવાદીએ નોકરીની નિમણુંક પત્રની શરતો અને કરારોની જોગવાઈઓનો ભંગ કરેલ હોય વાદીએ આ દાવા અરજીમાં માંગેલ કોઈ પણ રકમ માંગવા કે મેળવવા હક્કદાર ન હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. અમો પ્રતિવાદી તરફે જણાવીએ છીએ કે, વાદીના દાવાને – રેસ–જ્યુડીકેટાનો બાધ નડતો હોય જેથી પણ વાદીનો આ દાવો રદ થવાને પાત્ર છે કારણ કે વાદીએ તેમની દાવા અરજીમાં જણાવ્યા મુજબ આ દાવા અરજીમાં માંગેલ રકમ અગાઉ મજુર અદાલત, રાજકોટ સમક્ષ રીકવરી અરજી નં. ૦૨/૨૦૧૩ થી કેસ દાખલ કરેલ જે કેસ સને ૨૦૧૯માં રદ કરવામાં આવેલ છે અને વાદીની માંગણી પણ રદ કરેલ છે. આમ, વાદીએ એક જ પ્રકારની રકમ આ દાવા અરજીમાં ફરી વખત માંગતા હોય જેથી પણ વાદીનો આ દાવો રદ થવાને પાત્ર છે. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદીના આ દાવા અરજીને સમય મર્યાદાનો બાધ પણ

નડતો હોય જેથી પણ વાદીની દાવા અરજી રદ થવાને પાત્ર છે. વાદી સને ૨૦૧૨માં પ્રતિવાદી સંસ્થામાંથી નોકરી છોડી જતાં રહ્યા બાદ સને ૨૦૨૧માં હાલનો આ દાવો દાખલ કરેલ હોય વાદીના દાવાને આશરે ૯ (નવ) વર્ષ બાદ દાવો દાખલ કરેલ હોય અને વાદીએ આ દાવા અરજી સાથે વિલંબ માફ કરવાની કોઈ અરજી રજુ કરેલ ન હોય જેથી પણ વાદીના દાવાને ડીલે–લેચીસનો બાધ નડતો હોય જેથી પણ વાદીનો દાવો ડીલેના કારણે રદ થવાને પાત્ર છે. પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદી મજુર અદાલત, રાજકોટ સમક્ષ કેસ દાખલ કરેલ જેનો ચુકાદો સને ૨૦૧૯માં આવેલ અને વાદીના સુપુત્ર એડવોકેટ હોય અને મજુર અદાલત, રાજકોટમાં કેસ ચલાવેલ હોય અને કાયદાથી જાણકાર હોય ત્યારે યોગ્ય કોર્ટમાં અને યોગ્ય જગ્યાએ દાવો દાખલ કરવાની જાણકારી વાદી અને તેના સુપુત્રને હોય જ તેમ છતાં ખોટી જગ્યાએ કેસ કરી અને એ કેસના ચુકાદા આવ્યા પછી બે વર્ષ અને ત્રણ વર્ષ બાદ દાવો દાખલ કરેલ હોય અને દાવો દાખલ કરતાં પહેલાં વિલંબ માફ કરવાની અરજી રજુ કરેલ ન હોય જેથી વાદીના દાવાને ૦૯ (નવ) વર્ષના વિલંબનો બાધ નડતો હોય જેથી વાદીનો દાવો આ વિલંબના કારણે એટલે કે ડીલે લેચીસના કારણે રદ થવાને પાત્ર છે. વાદીના કહેવા મુજબ ભારતમાં અને વિશ્વમાં ૨૨ માર્ચ ૨૦૨૦ થી કોરોના કાળ શરૂ થયેલ અને ત્રણ મહિના સુધી ભારત બંધ હતું અને ત્યાર બાદ દેશની તમામ અદાલતોમાં ફાઈલીંગનું કામ ચાલુ હતું. અને તેના માટે રાજકોટ કોર્ટમાં ફાઈલીંગ માટે બહારના ભાગમાં એક બોક્સ

મુકી ફાઈલો તેમાં રજુ કરી તેનો નંબર રજીસ્ટર્ડમાં લખવાનો રહેતો હતો. આ તમામ હકીકતો વાદી સુપુત્ર એડવોકેટ સારી રીતે જાણતા હતા. તેમ છતાં વાદીએ પ્રતિવાદીને હેરાન કરવા માટે ઓકટોમ્બર –૨૦૨૧ની આખરમાં એટલે કે તા. ૨૫.૧૦.૨૦૨૧ના રોજ આપ નામદાર સમક્ષ આ દાવા અરજી દાખલ કરેલ છે અને આ દાવા અરજી દાખલ કરતાં પહેલાં વિલંબ માફ કરવાની કોઈ અરજી આ દાવા અરજી સાથે રજુ કરેલ ન હોય જેથી વાદીના આ દાવા અરજીને ૦૯ (નવ) વર્ષનો વિલંબ નડતો હોય જેથી પણ વાદીનો દાવો એક માત્ર વિલંબના કારણે રદ થવાને પાત્ર છે. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદીએ આ દાવા અરજીમાં જે રકમ માંગેલ છે તે રકમ અંગેનું કોઈ બાઈફરગેશન દાવા અરજીમાં દર્શાવેલ નથી અને લમસમ રકમનો એક આંકડો દર્શાવી રકમની માંગણી કરેલ છે. હકકીતે વાદીનું જો સંસ્થામાં લેણું નીકળતું હોત તો તેમને તેમની દાવા અરજીમાં કયા કયા પ્રકારની લેણી રકમ પ્રતિવાદી પાસે કેટલી લેણી રકમ નીકળે છે તેમનો ઉલ્લેખ દાવા અરજીમાં કરેલ હોત. પરંતુ વાદીએ આવી કોઈ રકમનો ઉલ્લેખ તેમની દાવા અરજીમાં જણાવેલ નથી અને એક લમસમ ફીક્સ રકમ રૂ. ૮૩,૦૦૦/– (અંકે રૂપીયા ત્ર્યાંશી હજાર પુરા) ની માંગણી કરેલ છે. જેથી આવી કોઈ ચોક્કસ માંગણીની રકમ વાદીને મળી શકે નહિ. કારણ કે વાદીએ તેમની માંગણીની રકમની સ્પષ્ટતા અને કયા કયા પ્રકારની માંગણીની રકમ છે અને કેટલી કેટલી માંગણી વાદીની પ્રતિવાદી પાસે નીકળે છે તેની સ્પષ્ટતા દાવા અરજીમાં કરેલ ન હોય જેથી

વાદી આવી અસ્પષ્ટ અને મોઘમ માંગણી કરતી અરજી ગાહ્ય રાખી શકાય નહિ, જેથી પણ વાદીની આ દાવા અરજી અસ્પષ્ટ અને મોઘમ હોય જેથી આ માંગણી રદ થવાને પાત્ર છે. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદીએ તેની આ રકમની માંગણીમાં પ્રોવિડન્ટ ફંડની રકમની પણ માંગણી કરેલ છે આ પ્રોવિડન્ટ ફંડની રકમ વાદીને ઈ.પી.એફ. ઓફિસર માંથી એટલે કે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ કચેરીમાંથી મેળવવાની હોય છે અને જેની આખી પ્રક્રિયા વાદીએ ઈ.પી.એફ. કચેરમાંથી કરવાની હોય છે જેથી પણ ઈ.પી.એફ.ની રકમ આ દાવામાં નક્કી થઈ શકે તેમ ન હોય અને એ રકમ પણ નામદાર કોર્ટના હકુમતની બહાર હોય જેથી પણ વાદીની આ દાવામાં માંગણી કરતી રકમ અને દાવા અરજી રદ થવાને પાત્ર છે. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદીએ તેમની દાવા અરજીમાં એવું જણાવેલ નથી કે, મેં એમ્પ્લોઈસ પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પ્રોવિડન્ટ ફંડની માંગણી કરેલ અને આ કચેરીએ મને આ પ્રોવિડન્ટ ફંડની રકમ ચુકવવાનો ઈન્કાર કરેલ છ. તેવો કોઈ હુકમ કે પત્ર આ દાવા અરજીમાં રજુ કરેલ ન હોય જેથી પણ વાદી ઈ.પી.એફ.ની કોઈ પણ રકમ આ દાવા અરજીમાં માંગી શકે નહિ. જેથી વાદીની આ દાવા અરજી આ કારણસર રદ થવાને પાત્ર છે. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદીની જુબાની આંક – ૧૨ની ઉલટ તપાસના પેરામાં વાદીએ કબુલ કરેલ છે કે મને પ્રતિવાદી તરફથી નિમણુંક પત્ર આપવામાં આવેલ છે જેમાં મેં વાંચીને સહી કરેલ છે. આ નિમણુંક પત્રની સાથે એક બોન્ડ પણ હતું જે પણ મેં

વાંચીને સહી કરેલી. વાદીએ ઉલટમાં કબુલ રાખેલ છે કે નિમણુંક પત્રની કલમ–૧૪ મુજબ રાજીનામું આપતાં પહેલાં નોટીસ આપવાની હોય છે. વાદીએ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે મેં રાજીનામું આપતાં પહેલાં સંસ્થાને નોટીસથી જાણ કરેલ નથી. વિશેષમાં વાદીએ ઉલટમાં કબુલ કરેલ છે કે કંપનીએ મને છુટા થવાની લેખીત નોટીસ આપેલ નથી. વધુમાં ઉલટમાં જણાવેલ છે કે મેં રાજીનામું સને ૨૦૧૨ની સાલમાં આપેલું જ્યારે દાવો સને ૨૦૨૧ની સાલમાં દાખલ કરેલો. વાદીએ ઉલટમાં કબુલ રાખેલ છે કે મજુર અદાલતે સિવીલ કોર્ટમાં જવા અંગેની કોઈ હકીકત તેમના ઓર્ડરમાં જણાવેલ નથી. વાદીએ ઉલટમાં કબુલ કરેલ છે કે મારો દીકરો એડવોકેટ છે અને કોવિડના સમયમાં નામદાર કોર્ટમાં દાવા રજીસ્ટ્રેશન થતાં હતાં. વાદીએ કબુલ કરેલ છે કે ઈનસેટીવ બેઝીકના આધારે દરેક કર્મચારીઓ વચ્ચે વહેંચવામાં આવતું હતું અને સંસ્થાનો બિઝનેસ ક્વાર્ટર મુજબ વધુ ઓછા પ્રમાણમાં હોય છે તેવું કબુલ કરેલ છે. વાદીએ તેમની જુબાનીની ઉલટમાં કબુલ કરેલ છે કે કર્મચારી નિવૃત થાય કે છુટા થાય ત્યારે તેના પી.એફ.ની રકમ કર્મચારી ફોર્મ ફિલ–અપ કર્યેથી ઈ.પી.એફ. ડિપાર્ટમેન્ટ દ્વારા પી.એફ.ની રકમ જે તે કર્મચારીના ખાતામાં જમા થતી હોય છે. વાદીએ ઉલટમાં જણાવેલ છે કે, મને પ્રતિવાદી તરફથી મારા ડોક્યુમેન્ટસ મળી ગયેલ છે. વાદીએ ઉલટમાં કબુલ રાખેલ છે કે મેં મારી દાવા અરજીમાં ઈન્સેટીવ, પગાર રજા, ૧૩ દિવસની નોકરીનો પગાર તેમજ પ્રોવિડન્ટ ફંડ આ તમામ મળવાપાત્ર રકમ અલગ અલગ વિગતે

દર્શાવેલ નથી. વાદી ઉલટમાં સ્પષ્ટ જણાવે છે કે, અમોએ તા. ૧૧–૦૧–૨૦૧૨ના રોજ મૌખીક ટેલીફોનીક રીજીનીયોલ ઓફિસને રાજીનામાની જાણ કરેલી. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, પ્રતિવાદીની દાવા અરજીમાં રકમની કોઈ સ્પષ્ટતા થતી નથી, પી.એફ.ની રકમ વાદીના જ કહેવા મુજબ ઈ.પી.એફ. કચેરીમાંથી જ મળે છે જેથી આ રકમ આ દાવા અરજીમાં મળવાપાત્ર ન હોય જેથી વાદીની દાવાની રકમની ગણતરી કોઈ સ્પષ્ટતા કોઈ ચોક્કસાઈ થતી ન હોય જેથી વાદી આ દાવામાં માંગ્યા મુજબની કોઈ પણ રકમ માંગવા કે મેળવવા હક્કદાર ન હોય વાદીની આ દાવા અરજી અસ્પષ્ટ અને મોઘમ હોય જેથી આ દાવા અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ છે. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદીની આ દાવા અરજીને ડીલે લેચીસનો બાધ નડતો હોય તેમજ વિલંબ માફ કરવાની અરજી રજુ કરેલ ન હોય અને વાદીની દાવા અરજીને સાથે સાથે રેસ જ્યુડીકેટાનો પણ બાઘ નડતો હોય જેથી વાદીની આ દાવા અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ છે.

૮. વાદી તરફે આંક–૫૧ થી લેખીત દલીલ રજુ થયેલ છે અને તેમા જણાવે છે કે, આ કામના વાદીએ, પ્રતિવાદી સામે તેની કાયદેસરની લેણી રકમ રૂા.૮૩,૦૦૦/– (અંકે રૂપીયા ત્રયાસી હજાર પુરા)૧૨% ના વ્યાજ સાથે પરત મળવા તથા અસલ ડીગ્રી સર્ટીફિકેટસ

પરત મળવા હાલનો દાવો દાખલ કરેલ છે, જેમાં દાવાના ચાલતા કામે ના.કોર્ટે ઈસ્યુ ફ્રેમ કરી દીધા બાદ ,તા.૧/૭/૨૫ નારોજ પ્રતિવાદીએ,વાદીને દાવાના ચાલતા કામે વાદીના અસલ ડીગ્રી સર્ટીફિકેટ પરત કરેલા,જે તા.૧૨/૧/૨૦૦૯ થી તા.૧/૦૭/૨૫ સુધી એટલે કે આશરે ૧૩ વર્ષ જેવો સમય સુધી વાદીના અસલ સર્ટીફિકેટ વાદીને પરત ન સોંપતા અને ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં રાખી મુકતા, અસલ સર્ટીફિકેટના અભાવે વાદી અન્ય કોઈ જગ્યાએ નોકરી પણ કરી શકેલ નહી.જે હકીકત પ્રતિવાદીના આસીસ્ટન્ટ બાંન્ચ મેનેજર નેહલ મકવાણાએ તેની આંક-૪૦ ની જુબાનીની ઉલટતપાસમાં સ્વિકારેલ છે. વધુમાં આ કામના વાદી, પ્રતિવાદી નં.૧ ની રાજકોટ ખાતે આવેલ બાન્ચ ઓફીસ મુથુટ ફાયનાન્સ લી.એટલે કે પ્રતિવાદી નં.૩ માં ગત તા.૧૨/૦૧/૨૦૦૯ ના રોજ પ્રતિવાદીના ઓફર લેટરના અનુસંધાને ૩ વર્ષ ના કરારથી બ્રાન્ચ મેનેજર તરીકે નોકરીમાં જોડાયેલા અને ઓફર લેટર અને કરારની શરત મુજબ સદરહુ કરાર એટલે કે વાદીની નોકરીનો કાર્ય કાળ તા.૧૧/૦૧/૨૦૧૨ નારોજ પુર્ણ થતો હતો ,વધુમાં વાદીની નોકરીના અનુસંધાને જે તે સમચે વાદીએ રજુ કરવાના થતા તેના અસલ ડીગ્રી સર્ટીફિકેટસ જેવા કે,ગુજરાત સેકન્ડરી એકઝામીનેશન સર્ટીફિકેટ તથા બી.એસ.સી.ની ડીગ્રીનુ ગુજરાત યુનીવર્સીટીએ ઈસ્યુ કરેલ સર્ટીફિકેટ વગેરે તમામ અસલ સર્ટીફિકેટસ વાદીએ, પતિવાદીઓ પાસે સબમીટ કરેલા જેની પ્રતિવાદીઓએ વાદીને પહોંચ તથા લેટર ઓફ પ્લેસમેન્ટ

આપેલ, પતિવાદીઓએ વાદીને નોકરીમાં સીલેકટ કર્યાનો પત્ર,વાદીના અસલ સર્ટીફિકેટસ સ્વિકારીને આપેલ પહોંચ તથા લેટર ઓફ પ્લેસમેન્ટ આ કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે,જે તમામ દસ્તાવેજોને આંક પડી ગયેલ છે. વધુમાં આંક–૧૭ કે જે એપ્રુવલ ક્રમ સીલેકશન લેટર છે તે મુજબ વાદીની નોકરીનો કાર્યકાળ એટલે કે ૩ વર્ષનો કરાર તા.૧૧/૦૧/૨૦૧૨ નારોજ પુર્ણ થતો હોય અને પ્રતિવાદીઓએ વાદીનો કરાર રીન્યુ કરેલ ન હોય, તેમજ વાદીના કોટુમ્બીક સંજોગો અને જવાબદારીઓને ધ્યાને લઈને પણ આગળ ઉપર નોકરી કરી શકે તેમ ન હોય,વાદીએ તા.૧૩/૦૧/૨૦૧૨ નારોજ પ્રતિવાદીની નોકરીમાંથી રીઝાઈન કરેલ અને તા.૧૩/૦૧/૨૦૧૨ નારોજ વાદીનો ચાર્જ,ઈન્ચાર્જને સોંપી આપેલ,આ તબકકે અમો ના.કોર્ટને સવિનય જણાવવા રજા લઈએ છીએ કે,કરારની શરત મુજબ વાદીએ કરારની પુરી સમયમર્યાદા સુધી એટલે કે કરાર પુર્ણ થતા સુધી પ્રતિવાદીઓને ત્યાં નોકરી કરેલ હોય,એટલે કે ૩ વર્ષના સમયગાળા દરમ્યાન અધવચ્ચે નોકરી છોડેલ ન હોય,તેજ રીતે પ્રતિવાદીઓએ વાદીનો કરાર રીન્યુ પણ કરેલ ન હોય,તે સંજોગોમાં વાદીએ તેઓને ૧ માસ અગાઉ નોટીસ આપવાની જરૂરીયાત રહેતી ન હતી. વધુમાં પ્રતિવાદીઓ ધ્વારા વાદીને નોકરીના સમયગાળા દરમ્યાન ચુકવવામાં આવેલ પગાર તેમજ ઈન્સેન્ટીવ્સ વગેરે વાસ્તે એકસિસ બેન્કનુ વાદીના ખાતાનુ સ્ટેટમેન્ટ તથા વાદીએ પતિવાદીના અન્ય અધિકારીને ચાર્જ સોંપ્યા અંગેનો લેટર તથા

વાદીની હકક રજાઓ વગેરે જેનુ લીવ એન્કેશમેન્ટ બાકી હતુ તે અંગે પ્રતિવાદીના લેટરની નકલ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે,જેને પણ આંક પડી ગયેલા છે, તે જ રીતે પ્રતિવાદીઓ તરફથી વાદીનું પ્રોવિડન્ટ ફંડ, ૧૩ દિવસની સેલરી, ૧૮ દિવસનુ લીવ એન્કેશમેન્ટ તેમજ છેલ્લા કવાર્ટર એટલે કે ઓક્ટોબર થી ડીસેમ્બર–૨૦૧૧ નુ ઈન્સેન્ટીવ, ૨ માસનુ પરચુરણ ઈન્સેન્ટીવ, મેડીકલ પે મળવા તથા અમારા અસલ એજયુકેશનલ સર્ટીફિકેટસ પરત મળવા વાસ્તે તા.૦૧/૦૫/૨૦૧૨ નારોજ પ્રતિવાદીઓને રજી.એ.ડી.થી પત્ર લખેલ,તે રીતે ફરીથી તા.૦૫/૦૫/૧૨ નારોજ પત્ર લખેલ, પરંતુ પ્રતિવાદીઓએ તેનુ કોઈ કોમ્પલાય કે રીપ્લાય કરેલ નહીં,જેથી વાદીએ પતિવાદીઓ વિરુધ્ધ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયામાં ફરીયાદ કરતા તેઓએ,વાદીની ફરીયાદના અનુસંધાને પતિવાદીઓ સાથે કોમ્યુનીકેશન કરેલ અને તેની એક નકલ વાદીને પણ મોકલેલ, જેના અનુસંધાને પ્રતિવાદીઓએ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને ખોટો અને ઉડાઉ જવાબ આપેલ, તે સમયગાળા દરમ્યાન વાદીએ નાયબ શ્રમ આયુક્તની કચેરી, રાજકોટને ફરીયાદ કરતા તેઓએ પતિવાદીઓની ઓફીસમાં જાતે તપાસ કરી નોંધ કરી પતિવાદી નં.૩ ના તત્કાલીન મેનેજર શ્રી પરીખને નોટીસ આપેલ,જેની એક નકલ વાદીને પણ મોકલેલ, પરંતુ ત્યાર બાદ નાયબ શ્રમ આયુક્તની કચેરી ધ્વારા કોઈ આગળ કાર્યવાહી કરવામાં આવેલ નહીં, જેથી વાદીએ ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓને તા.૦૯/૧૧/૨૦૧૨ નારોજ

વાદીના પુત્ર એડવોકેટ શ્રી સુનિલ સી.પોપટ ધ્વારા નોટીસ આપેલ, પરંતુ પ્રતિવાદીઓએ તે નોટીસના અનુસંધાને કોઈપણ પ્રકારનુ કોમ્પલાયન્સ કરેલ નહી કે રીપ્લાય આપેલ નહીં, ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ આ કામે રજુ રાખેલ છે,જે તમામ દસ્તાવેજોને આંક પડી ગયેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીઓએ વાદીની કાયદેસરની હકકરજા,લીવ એન્કેશમેન્ટ, ઈન્સેન્ટીવ્સ વગેરેની રકમ ઓળવી જવાના એક માત્ર ઈરાદે કોઈપણ પ્રકારનું ચુકવણુ ન કરતા કે વાદીના અસલ સર્ટીફિકેટસ પરત ન કરતા વાદીને કોઈ કાયદાકીય જ્ઞાન ન હોય, વાદીએ આ કામના પ્રતિવાદીઓ સામે રાજકોટની મજુર અદાલત સમક્ષ રીકવરી અરજી નં.૨/૧૩ થી દાખલ કરેલ,જે રીકવરી અરજી નં.૨/૧૩ ની નકલ આ કામે રજુ રાખેલ છે,જેને આંક પડી ગયેલ છે. તે જ રીતે આ કામના પતિવાદીઓની નિતી વાદીની કાયદેસરની લેણી રકમ ઓળવી જવાની હોય,આ કામના પતિવાદીઓએ સદરહુ રીકવરી અરજી નં.૨/૧૩ માં ના.લેબર કોર્ટની હકુમત અંગે વાંધો લીધેલ અને સદરહુ અરજી ચલાવવા/ સાંભળવા ના લેબર કોર્ટ, રાજકોટને હકુમત નથી, તેવું પોતાના જવાબમાં જણાવેલ, પ્રતિવાદીએ ના લેબર કોર્ટમાં રીકવરી અરજી નં.૨/૧૩ માં આંક-૮ થી રજુ કરેલ દાવા જવાબની નકલ આ કામે રજુ રાખેલ છે, જેને પણ આંક પડી ગયેલ છે. વધુમાં ત્યારબાદ ના લેબર કોર્ટે હકુમત અંગે પાથમીક મુદ્દો કાઢવાને બદલે રીકવરી અરજી ચલાવેલ અને ત્યારબાદ સદરહુ રીકવરી અરજી નં.૨/૧૩ માં મુદ્દા નં.૧ એવો કાઢેલ કે, "શું

સામાવાળાનો બચાવ બોનાફાઈડ છે કે અરજદાર કામદારની વ્યાખ્યામાં આવતા નથી ? "સદરહુ મુષ્ઠાનો નિર્ણય હકારમાં આપી,વાદી/અરજદારની રીકવરી અરજી હકુમતના ગ્રાઉન્ડસર તા.૪/૦૭/૨૦૧૯ નારોજ નામંજુર યાને કે રદ કરેલ, ના લેબર કોર્ટના હુકમની નુકલ આ કામે રજુ રાખેલ છે, જેને આંક ૩૨ આપેલ છે. વધુમાં તેમ છતા આ કામના પ્રતિવાદીઓને વધુ એક તક આપવાના શુભ ઈરાદે વાદીએ એડવોકેટ શ્રી કે.ડી.શાહ મારફત તા.૨૦/૦૨/૨૦૨૦ નારોજ પ્રતિવાદી નં.૨-૩ ને વાદીની લેણી રકમ તથા તેઓની પાસે રહેલ સર્ટીફિકેટસ સોંપી આપવા વાસ્તે રજી.એ.ડી.થી નોટીસ મોકલેલ,જે પ્રતિવાદીઓને મળી ગયેલ છે,પરંતુ આ કામના પ્રતિવાદીએ સદરહુ નોટીસના અનુસંધાને કોઈપણ જાતનો રીપ્લાય આપેલ નથી કે કોમ્પલાય કરેલ નથી,જેના ઉપરથી વાદીની લેણી રકમ ઓળવી જવાનો આ કામના પ્રતિવાદીઓનો ઈરાદો સ્પષ્ટ થતો હોય અને દાવામાં દર્શાવેલ વાદીની લેણી થતી રકમ પ્રતિવાદીએ ચુકવેલ ન હોય,વાદીએ તે લેણી રકમ ૧૮% વ્યાજ સાથે વસુલ મળવા હાલનો દાવો દાખલ કરેલ છે, એડવોકેટ શ્રી કે.ડી.શાહે મોકલેલ નોટીસને ના.કોર્ટે આંક-૩૩ આપેલ છે અને તે નોટીસ પ્રતિવાદીને મળેલ તે તેના સાક્ષીએ કબુલ કરેલ છે અને તેનો કોઈ પ્રત્યુતર કે જવાબ આપેલ નથી તેવુ તેના સાક્ષીએ કબુલ કરેલ છે. વધુમાં કાયદાકીય અજ્ઞાનને કારણે વાદીએ, પતિવાદી સામે સૌ પ્રથમ લેણી રકમ મેળવવા વાસ્તે રીકવરી અરજી ૨/૧૩ થી લેબર કોર્ટમાં દાખલ કરેલ, જે

હકુમતના અભાવે તા.૪/૭/૧૯ નારોજ રદ થયેલ ત્યારબાદ કોવિડ–૧૯ ની મહામારીને કારણે ૩ વર્ષ સુધી કોર્ટ કાર્યવાહી થયેલ નહીં અને તે સમય ના.કોર્ટના રીપોર્ટેડ જજમેન્ટ મુજબ બાદ મળવાપાત્ર છે .વધુમાં પ્રતિવાદીએ,વાદીના અસલ ડીગ્રી સર્ટીફિકેટ તા.૧/૭/૨૦૨૫ સુધી ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં રાખેલ,તે સંજોગોમાં તે હકીકતને ધ્યાને લેતા હાલનો દાવો સમયમર્યાદામાં છે. ઉપરોકત તમામ હકીકકતો, રેકર્ડ ઉપર પડેલ પુરાવાઓને ધ્યાને લઈ વાદીનો દાવો ખર્ચ સહીત મંજુર કરવા નમ્ર અરજ છે.

**–: મુદ્દા નં. ૧ થી ૬ ની સંયુકત ચર્ચા :–**

૯. આ કામે ઘડવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૬ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે જ કરવામાં આવેલ છે.

**૧૦.** આ કામે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, વાદી ચંદુભાઈ મનજીભાઈ પોપટ નું સરતપાસનું સોગંદનામું આંક–૧૨ થી રજુ થયેલ છે અને તેમા જણાવે છે કે, અમે વાદી ઉપર કહ્યા સરનામે રહીએ છીએ અને હાલમાં નિવૃત જીવન જીવીએ છીએ તેમજ અમો વાદીએ આ કામના પ્રતિવાદીઓ સામે અમારી કાયદેસરની લેણી રકમ રૂ.૮૩,૦૦૦/–(અંકે

રૂપીયા ત્રયાસી હજાર પુરા)૧૨% ના વ્યાજ સાથે પરત મળવા તથા અમારા અસલ ડીગી સર્ટીફિકેટર્સ પરત મળવા હાલનો દાવો દાખલ કરેલ છે. વધુમાં અમો વાદી આ કામના પ્રતિવાદી નં.૧ ની રાજકોટ ખાતે આવેલ બાન્ચ ઓફિસ મુથુટ ફાયનાન્સ લી.એટલે કે પ્રતિવાદી નં.૩ માં ગત તા. ૧૨/૦૧/૨૦૦૯ નારોજ પતિવાદીના ઓફર લેટરના અનુસંધાને ૩ વર્ષ ના કરારથી બાન્ચ મેનેજર તરીકે નોકરીમાં જોડાયેલા અને ઓફર લેટર અને કરારની શરત મુજબ સદરહુ કરાર એટલે કે અમારી નોકરીનો કાર્ય કાળ તા.૧૧/૦૧/૨૦૧૨ નારોજ પુર્ણ થતો હતો,વધુમાં અમારી નોકરી ના અનુસંધાને જે તે સમયે અમારે રજુ કરવાના થતા અમારા અસલ ડીગ્રી સટીફિકેટસ જેવા કે,ગુજરાત સેકન્ડરી એકઝામીનેશન સર્ટીફિકેટ તથા બી.એસ.સી.ની ડીગીનુ ગુજરાત યુનીવસીટીએ ઈસ્યુ કરેલ સર્ટીફિકેટ વગેરે તમામ અસલ સર્ટીફિકેટસ અમોએ પતિવાદીઓ પાસે સબમીટ કરેલા જેની પ્રતિવાદીઓએ અમોને પહોંચ તથા લેટર ઓફ પ્લેસમેન્ટ આપેલ,પ્રતિવાદીઓએ અમોને નોકરીમાં સીલેકટ કર્યાનો પત્ર, અમારા અસલ સટીફિકેટસ સ્વિકારીને આપેલ પહોંચ તથા લેટર ઓફ પ્લેસમેન્ટ આ કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે, જેને અમારી સોગંદ ઉપરની જુબાનીને ધ્યાને લઈ પાકા આંક આપવા અરજ છે. વધુમાં અમોના નોકરીનો કાર્યકાળ એટલે કે ૩ વર્ષનો કરાર તા.૧૧/૦૧/૨૦૧૨ નારોજ પુર્ણ થતો હોય અને પ્રતિવાદીઓએ અમારો કરાર રીન્યુ કરેલ ન હોય, તેમજ અમારા કૌટુમ્બીક

સંજોગો અને જવાબદારીઓને ધ્યાને લઈ અમો પણ આગળ ઉપર નોકરી કરી શકીએ તેમ ન હોય,અમોએ તા.૧૩/૦૧/૨૦૧૨ નારોજ પ્રતિવાદીની નોકરી માંથી રીઝાઈન કરેલ અને તા.૧૩/૦૧/૨૦૧૨ નારોજ અમારો ચાર્જ ઈન્ચાર્જને સોંપી આપેલ કરારની શરત મુજબ અમોએ કરારની પુરી સમયમર્યાદા સુધી એટલે કે કરાર પુર્ણ થતા સુધી પ્રતિવાદીઓને ત્યાં નોકરી કરેલ હોય,એટલે કે ૩ વર્ષના સમયગાળા દરમ્યાન અધવચ્ચે નોકરી છોડેલ ન હોય, તેજ રીતે પ્રતિવાદીઓએ અમારો કરાર રીન્યુ પણ કરેલ ન હોય, તે સંજોગોમાં અમારે તેઓને ૧ માસ અગાઉ નોટીસ આપવાની જરૂરીયાત રહેતી ન હતી. તેજ રીતે પ્રતિવાદીઓ ધ્વારા અમોને નોકરીના સમયગાળા દરમ્યાન ચુકવવામાં આવેલ પગાર તેમજ ઈન્સેન્ટીવ્સ વગેરે વાસ્તે એકસિસ બેંન્કનું અમારા ખાતાનુ સ્ટેટમેન્ટ તથા અમોએ પ્રતિવાદીના અન્ય અધીકારી ને ચાર્જ સોંપ્યા અંગેનો લેટર તથા અમારી હકક રજાઓ વગેરે જેનુ લીવ એન્ડેશમેન્ટ બાકી હતુ તે અંગે પ્રતિવાદીના લેટરની નકલ આ સાથે દસ્તાવેજી પુરાવા લિસ્ટથી રજૂ રાખેલ છે,તેજ રીતે પ્રતિવાદીઓ તરફથી અમારી પ્રોવિડન્ટ ફંડ,૧૩ દિવસની સેલરી, ૧૮ દિવસનુ લીવ એન્કેશમેન્ટ તેમજ છેલ્લા ક્વાર્ટર એટલે કે ઓક્ટોબર થી ડીસેમ્બર – ૨૦૧૧ નુ ઈન્સેન્ટીવ, ૨ માસનુ પરચુરણ ઈન્સેન્ટીવ, મેડીકલ પે મળવા તથા અમારા અસલે એજ્યુકેશનલ સર્ટીફિકેટ પરત મળવા વાસ્તે તા.૦૧/૦૫/૨૦૧૨ નારોજ પ્રતિવાદીઓને રજી.એ.ડી. થી પત્ર

લખેલ,તે રીતે ફરીથી તા.૦૫/૦૫/૧૨ નારોજ પત્ર લખેલ, પરંતુ પ્રતિવાદીઓએ તેનું કોઈ કોમ્પલાચ કે રીપ્લાય કરેલ નહી, જેથી અમોએ પ્રતિવાદીઓ વિરુખ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયામાં ફરીયાદ કરતા તેઓએ અમારી ફરીયાદના અનુસંધાને પ્રતિવાદીઓ સાથે કોમ્યુનીકેશન કરેલ અને તેની એક નકલ અમો વાદીને પણ મોકલેલ, જેના અનુસંધાને પ્રતિવાદીઓએ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને ખોટો અને ઉડાઉ જવાબ આપેલ, તે સમયગાળા દરમ્યાન અમોએ નાયબ કામ આયુક્તની કચેરી, રાજકોટને ફરીયાદ કરતા તેઓએ પ્રતિવાદીઓની ઓફીસમાં જાતે તપાસ કરી નોંધ કરી પ્રતિવાદી નં.૭ ના તત્કાલીન મેનેજર શ્રી પરીખને નોટીસ આપેલ, જેની એક નકલ અમોને મોકલેલ, પરંતુ ત્યાર બાદ નાયબ શ્રમ આયુક્તની કચેરી દ્ધારા કોઈ આગળ કાર્યવાહી કરવામાં આવેલ નહીં, જેથી અમોએ ત્યાર બાદ આ કામના પ્રતિવાદીઓને તા.૦૯/૧૧ /૨૦૧૨ ના રોજ અમારા પુત્ર એડવોકેટ શ્રી સુનિલ સી.પોપટ ધ્વારા નોટીસ આપેલ, પરંતુ પ્રતિવાદીઓએ તે નોટીસના અનુસંધાને કોઈપણ પ્રકારનું કોમ્પલાયન્સ કરેલ નહીં કે રીપ્લાય આપેલ નહીં, ઉપરોક્ત તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલ આ કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે,જેને અમારી સોગંદ ઉપરની જુબાનીને ધ્યાને લઈ પાકા આંક આપવા અરજ છે. વધુમાં અમો સોગંદ ઉપર જાહેર કરીએ છીએ કે,આ કામના પ્રતિવાદીઓ અમારી કાયદેસરની હકકરજા,લીવ એન્કેશમેન્ટ, ઈન્સેન્ટીવ્સ વગેરેની સ્કમ ઓળવી જવાના એક માત્ર ઈરાદે કોઈપણ

પ્રકાર નુ ચુકવણું ન કરતા કે અમારા અસલ સર્ટીફિકેટસ પરત ન કરતા અમોને કોઈ કાયદાકીય જ્ઞાન ન હોય, અમોએ આ કામના પ્રતિવાદીઓ સામે રાજકોટની મંજુર અદાલત સમક્ષ રીકવરી અરજી નં.૨/૧૩ થી દાખલ કરેલ, આ સાથે રીકવરી અરજી નં.૨/૧૩ ની નકલ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે,જેને અમારી સોગંદ ઉપરની જુબાનીને ધ્યાને લઈ પાકા આંક આપવા અરજ છે. વધુમાં અમો સોગંદ ઉપર જાહેર કરીએ છીએ કે, આ કામના પતિવાદીઓની નિતી અમારી કાયદેસરની લેણી રકમ ઓળવી જવાની હોય,આ કામના પ્રતિવાદીઓએ સદરહુ રીકવરી અરજી નં.૨/૧૩ માં ના લેબર કોર્ટની હકુમત અંગે વાંધો લીધેલ અને સદરહુ અરજી ચલાવવા/સાંભળવા ના.લેબર કોર્ટ, રાજકોટને હકુમત નથી, તેવુ પોતાના જવાબમાં જણાવેલ, પતિવાદીએ ના.લેબર કોર્ટમાં રીકવરી અરજી નં.૨/૧૩ માં આંક–૮ થી રજુ કરેલ દાવા જવાબની નકલ આ કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે,જેને અમારી સોગંદ ઉપરની જુબાનીને ધ્યાને લઈ પાકા આંક આપવા અરજ છે. ત્યારબાદ ના.લેબર કોર્ટે હકુમત અંગે પ્રાથમીક મુદ્દો કાઢવાને બદલે રીકવરી અરજી ચલાવેલ અને ત્યારબાદ સદરહુ રીકવરી અરજી નં.૨/૧૩ માં મુદ્દા નં.૧ એવો કાઢેલ કે,'શું સામાવાળાનો બચાવ બોનાફાઈડ છે કે અરજદાર કામદારની વ્યાખ્યામાં આવતા નથી ? "સદરહુ મુદ્દાનો નિર્ણય હકારમાં આપી અમો અરજદારની રીકવરી અરજી હકુમતના ગ્રાઉન્ડસર તા.૪/૦૭/૨૦૧૯ નારોજ નામંજુર યાને કે રદ કરેલ, ના.લેબર કોર્ટના

હુકમની નકલ આ કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે ,જેને અમારી સોગંદ ઉપરની જુબાનીને ધ્યાને લઈ પાકા આંક આપવા અરજ છે. વધુમાં અમો સોગંદ ઉપર જાહેર કરીએ છીએ કે, તેમ છતા આ કામના પ્રતિવાદીઓને વધુ એક તક આપવાના શુભ ઈરાદે અમોએ એડવોકેટ શ્રી કે.ડી.શાહ મારફત તા.૨૦/૦૨/૨૦૨૦ નારોજ પ્રતિવાદી નં.૨–૩ ને અમારી લેણી રકમ તથા તેઓની પાસે રહેલ અમારા સર્ટીફિકેટસ સોંપી આપવા વારને રજી.એ.ડી.થી નોટીસ મોકલેલ, જે પ્રતિવાદીઓને મળી ગયેલ છે,પરંતુ આ કામના પ્રતિવાદીએ સદરહુ નોટીસના અનુસંધાને કોઈપણ જાતનો રીપ્લાય આપેલ નથી કે કોમ્પલાય કરેલ નથી, જેના ઉપરથી અમારી લેણી રકમ ઓળવી જવાનો આ કામના પ્રતિવાદીઓનો ઈરાદો સ્પષ્ટ થાય છે , પ્રતિવાદીઓને તા.૨૦/૦૨/૨૦૨૦ નારોજ મોકલેલ નોટીસ તથા એકનોલોજમેન્ટની નકલ આ કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે, જેને અમારી સોગંદ ઉપરની જુબાનીને ધ્યાને લઈ પાકા આંક આપવા અરજ છે. આ કામના પ્રતિવાદીઓએ સને–૨૦૧૨ માં અમોએ નોકરીમાંથી છુટા થયા બાદ અમારો બાકી પગારની બાકી લેણી રકમ તથા સર્ટીફિકેટસ પરત ન કરતા અમોએ તેઓની સામે રીકવરી અરજી નં.૨/૧૩ થી દાખલ કરેલ, જે કાયદાકીય અજ્ઞાનના કારણે હકુમત વગરના ફોરમમાં દાખલ થયેલ અને તે અરજી ના .લેબર કોર્ટે તા.૦૪/૦૭/૨૦૧૯ નારોજ નિર્ણીત કરી હકુમતના અભાવે રદ કરેલ,તે સંજોગોમાં તે સમયગાળો અમોને મજરે મળે કે બાદ મળે કે સેટ ઓફ મળે

અને ત્યારબાદ ૨૦૨૦ માં તેઓને નોટીસ પાઠવેલ અને ત્યારબાદ કોવિડ–૧૯ ની મહા મારીને કારણે ૧ વર્ષથી વધુ સમય કોઈ કાર્યવાહી થઈ શકેલ નહીં,પરંતુ કોવિડ–૧૯ ની મહામારીનો સમય બાદ ન કરીએ તો પણ ના લેબર કોર્ટે તા.૦૪/૦૭/૧૯ નારોજ રીકવરી અરજીનો ચુકાદો આપેલ હોય,ત્યારથી ૩ વર્ષનું લીમીટેશન ગણતા,હાલનો દાવો લીમીટેશનમાં છે. વધુમાં અમોએ,પતિવાદીઓની રાજકોટ ઓફીસ ખાતે જ સને– ૨૦૦૯ થી જાન્યુઆરી–૨૦૧૨ સુધી નોકરી કરેલ હોય,તેમજ અમારા એજયુકેશનલ સર્ટીફિકેટસ રાજકોટ બાન્ચમાં જ સબમીટ કરેલ હોય,તે સંજોગોમાં હાલનો દાવો ચલાવવા સાંભળવા આપ ના.કોર્ટને હકુમત છે.

વધુમા વાદી તરફે તેમના જુબાનીના સમર્થનમાં આંક–૨૮ થી ૩૫ મુજબના દસ્તાવેજી આધારો રજુ કરેલ છે જેની ચર્ચા હવે પછી કરવામા આવશે.

વાદી, પ્રતિવાદી તરફે વિ. વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, હુ મુથુટ ફાયનાંસમાં બ્રાન્ચ મેનેજરની પોસ્ટ ઉપર ફરજ બજાવતો હતો. અમોને કોઈપણ નાણાકીય રકમ વાપરી શકીએ તેવા પાવર ન હતા. અમોએ બી એસ સી, એલ એલ બી, સી એ આઈ આઈ બી નો અભ્યાસ કરેલ છે. અમોને મુથુટ ફાયનાન્સ તરફથી નિમણુક પત્ર આપવામાં આવેલ છે જેમા અમોએ વાંચીને સહી કરેલી. સાહેદ સ્વેછાએ

જણાવે છે કે આ નિમણુક પત્ર સાથે એક બોન્ડ પણ હતુ જેમા પણ મે સહી કરેલી. મે મુથુટ ફાયનાંસમા રાજીનામુ ૧૩/૦૧/૨૦૧૨ માં ત્રણ વર્ષ પુરા થયા બાદ આપેલુ. એ વાત ખરી છે કે નિમણુક પત્રના કલમ ૧૪ મુજબ રાજિનામુ આપતા પહેલા નોટીસ આપવાની હોય છે સાહેદ સ્વેછાએ જણાવે છે કે મારે રાજીનામુ આપવુ હોય તો એક માસ નો નોટીસ પીરીયડ આપી હુ રાજીનામુ આપી શકુ પરંતુ જો ત્રણ વર્ષ બાદ રાજીનામુ આપુ તો નોટીસ આપવાની રહેતી નથી.  એ વાત ખરી છે કે મે રાજિનામુ આપતા પહેલા સંસ્થાને નોટીસથી જાણ કરેલ નથી. સાહેદ સ્વેછાએ જણાવે છે કે મારો ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ પુરો થઇ જતો હોય તેમજ મારા પત્નિની તબિયત ખરાબ રહેતી હોય તેમજ સંસ્થા તરફથી કોન્ટ્રાકટ રીન્યુઅલની જાણ કરેલ ન હોય જેર્થી મે રાજીનામુ આપેલુ. **એ વાત ખરી છે કે કંપનીએ મને છુટા થવાની લેખીત નોટીસ આપેલ નથી.** એ વાત ખરી છે કે મે રાજીનામુ ૨૦૧૨ ની સાલમાં આપેલુ જ્યારે આ દાવો ૨૦૨૧ ની સાલમાં આવેલો, સાહેદ સ્વેછાએ જણાવે છે કે અમોએ અગાઉ લેબર કોર્ટમા દાવો કરેલો. એ વાત ખરી છે કે અગાઉ લેબર કોર્ટમાં કરેલ દાવામાં આટલી જ રકમની માંગણી કરેલ હતી. એ વાત ખરી નથી કે લેબર કોર્ટે અમારો દાવો નામંજુર કરેલ છે, સાહેદ સ્વેછાએ જણાવે છે કે લેબર કોર્ટે અમારા પર્વ્યુમાં આવતુ નથી પરંતુ સીવીલ કોર્ટના પર્વ્યુમાં આવે છે તેવુ જણાવેલ છે. એ વાત ખરી છે કે હુકમમાં અરજી રદ કરવામાં આવે છે અને ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં

આવતો નથી. એ વાત ખરી છે કે લેબર કોર્ટે સીવીલ કોર્ટમા જવા અંગેની કોઇ હકીકત તેમના ઓર્ડરમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે લેબર કોર્ટનો દાવો જુલાઇ ૨૦૧૯ માં હુકમ થયા બાદ સને ૨૦૨૧ માં આ દાવો કરેલ છે, સાહેદ સ્વેછાએ જણાવે છે કે તે સમયે કોવિડ હોવાના કારણે દાવો કરેલ નહી. એ વાત ખરી છે કે મારા દિકરા એડવોકેટ છે. એ વાત ખરી છે કે કોવિડના સમયમાં નામદાર કોર્ટમાં દાવા રજીસ્ટ્રેશન થતા હતા પરંતુ તે અંગે અમોએ અમારા પુત્રની સલાહ લીધેલ નહી. સને ૨૦૧૨ માં મુથુટ ફાયનાન્સમાં અમારો પગાર આશરે ૩૦,૦૦૦/- રુપિયા જેટલો હતો, સાહેદ સ્વેછાએ જણાવે છે કે પગારની સાથે ઇન્સેન્ટીવ પણ હોય જે આશરે માસીક ૧૫૦૦૦/- જેટલો થતો હતો. સવાલ:- ઇન્સેન્ટીવ શેન આધારે નક્કી થતુ ? જવાબ:-બેઝીક પગાર તેમજ બિઝનેશના આધારે નક્કી થતુ. સને ૨૦૧૨ માં મુથુટ ફાયનાન્સમાં અમો કુલ છ કર્મચારીઓ હતા. એ વાત ખરી છે કે ઇન્સેન્ટીવ તમામ કર્મચારીઓ વચ્ચે વહેચાતુ હતુ, સાહેદ સ્વેછાએ જણાવે છે કે ઇન્સેન્ટીવ બેઝીક પગારના આધારે વહેચાતુ હતુ, તમામને સમાંતર વહેચાતુ ન હતુ. એ વાત ખરી છે કે સંસ્થાનો બિઝનેશ દરેક કવાર્ટર મુજબ અલગ અલગ વધુ ઓછા પ્રમાણમાં હોય છે. મે નોકરી દરમિયાન મળેલા ઇન્સેન્ટીવના સ્ટેટમેન્ટ દાવા ના કામે રજુ રાખેલ છે. સ્ટેટમેન્ટની ગણતરી કેલેન્ડર વર્ષ મુજબ દર ત્રણ મહિને થતી. એ વાત ખરી નથી કે અમોને સને ૨૦૧૧ નુ છેલ્લા કવાર્ટર ઓક્ટો-ડિસેમ્બરનુ ઇન્સેન્ટીવ મળી ગયેલ છે.

સવાલ:- તમોને છેલ્લા કવાર્ટનુ ઇન્સેન્ટીવ મળેલ નથી તેવો કોઇ પુરાવો રજુ કરેલ છે? જવાબ:- ઇન્સેન્ટીવ ખાતામાં જમા થતુ હોય છે, જે જમા થયેલ નથી, મે આ કામે બેન્ક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. ફેકટરી એકટના નિયમ મુજબ વાર્ષીક કેટલી રજા મળે તે મને ખ્યાલ નથી પરંતુ મારી બેલેન્સ રજા ૨૧ હતી. એ વાત ખરી છે કે મળવાપાત્ર તમામ રજા જો વપરાઇ ગયેલ હોય તો તેનુ ભથ્થુ મળે નહી. એ વાત ખરી નથી કે વર્ષના અંતે તમામ રજાઓ વાપરી નાખવાનો સંસ્થાનો નિયમ હતો, સાહેદ સ્વેછાએ જણાવે છે કે ન વપારાયેલ રજા આગળના વર્ષે કેરી ફોરવર્ડ થતી. સવાલ:- કેટલા વર્ષ સુધી રજા કેરી ફોરવર્ડ કરી શકાય? જવાબ:- ગવર્નમેન્ટના નિયમ મુજબ ૩૦૦ રજા સુધી કેરી ફોરવર્ડ કરી શકાય. ૩૦૦ રજા સુધી કેરી ફોરવર્ડ કરી શકાય તે અંગેના કોઇપણ પુરાવા હુ રજુ રાખી શકુ નહી, કેમ કે મુથુટ ફાયનાન્સ પાસે પણ તે નિયમ અંગેના લેટર નથી. મેડીકલ લીવ જેવુ કંઇ મુથુટ ફાયનાંસમાં નથી, જે રજા છે તે આ એક પ્રકારની રજા છે. સાહેદ સ્વેછાએ જણાવે છે કે ૧૨ કેઝ્યુઅલ લીવ મળવાપાત્ર હોય છે પરંતુ સીક લીવ નથી. એ વાત ખરી છે કે અમારી સેલેરીમાંથી પી.એફ કપાતુ હતુ. એ વાતનો મને ખ્યાલ નથી કે અમારુ ઇ.પી.એફ  ઇ.પી.એફ ઓફીસમા જમા થતુ હતુ કે કેમ. એ વાત મને ખ્યાલ નથી કે ઇ.પી.એફ અંગેનુ કોઇ ટ્રસ્ટ મુથુટ ફાયનાન્સ પાસે હતુ કે કેમ.  પી. એફ અંગેનુ ફોર્મ અમોએ મુથુટ ફાયનાંસમા ફીલ અપ કરીને આપેલ હોય તેવુ મને યાદ નથી. એ વાત ખરી છે કે

કર્મચારી નિવ્રુત થાય કે છુટા થાય ત્યારે તેની પિ.એફ ની રકમ કર્મચારી ફોર્મ ફીલ અપ કર્યેથી ઇ.પી.એફ ડીપાર્ટમેન્ટ દ્રારા પી.એફ ની રકમ જે તે કર્મચારીના ખાતામાં જમા થતી હોય છે. એ વાત ખરી છે કે આજ રોજ **નામદાર કોર્ટમાં મુથુટ ફાયનાન્સ તરફથી મારા ઓરીજનલ માંગ્યા મુજબના તમામ ડોક્યુમેન્ટસ ૧૩ વર્ષ બાદ પરત મળી ગયેલ છે.** એ વાત ખરી છે કે મે મારી દાવા અરજીમાં ઈન્સેન્ટીવસ, પગાર રજા, ૧૩ દિવસનો નોકરીનો પગાર તેમજ પ્રોવિડન્ટ ફંડ આ તમામ મળવાપાત્ર રકમ અલગ અલગ વિગતે દર્શાવેલ નથી, સાહેદ સ્વેછાએ જણાવે છે કે **સંયુક્ત ૮૩,૦૦૦/- રુપીયા અમોને મળવાપાત્ર રકમ દર્શાવેલ છે તેમજ કંપનીના પ્રિસ્ક્રાઇમ ફોર્મમા લખીને વિગતવાર આપેલ છે.** એ વાત ખરી છે કે અમોએ તારીખ ૧૩ જાન્યુઆરી ૨૦૧૨ ના રોજ લેખીત રાજીનામુ આપી તે દિવસે છુટા થયેલ છીએ, સાહેદ સ્વેછાએ જણાવે છે કે અમોએ તારીખ ૧૧ જાન્યુઆરી ૨૦૧૨ ના રોજ મૌખીક ટેલીફોનીક રીજ્યુનલ ઓફીસને રાજીનામાની જાણ કરેલી. એ વાત ખરી નથી કે અમોએ સંસ્થાના નિમણુક પત્રની શરતોનો ભંગ કરેલ હોય જેથી અમોને આ રકમ મળવાપાત્ર નથી. એ વાત ખરી નથી કે અમોએ સંસ્થા પાસેથી ખોટી રીતે રકમ મેળવવા આ દાવો કરેલ છે.

**૧૧.** ત્યારબાદ આ કામે પ્રતિવાદી તરફે નેહલ લાલજીભાઈ મકવાણા નું જુબાનીનું સોગંદનામું આંક-૪૦ રજુ થયેલ છે અને તેમા

જણાવે છે કે, અમો સામાવાળા સંસ્થામાં મેનેજર તરીકે છેલ્લાં ૨ વર્ષથી ફરજ બજાવીએ છીએ. આ કામના વાદી અમો સામાવાળા સંસ્થામાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. વાદી સામાવાળામાં નોકરીમાં દાખલ થયા ત્યારે તેમણે નિમણુંક પત્ર સંસ્થા દ્વારા આપવામાં આવેલ હતો. તેની શરતો પણ સાથે આપવામાં આવેલ હતી. જે શરતો વાચી તેમણે સહી કરેલ છે. આ કામના વાદીએ આ કેસ ઉપસ્થિત કરતાં પહેલાં મજુર અદાલત, રાજકોટ સમક્ષ રીકવરી અરજી દાખલ કરેલી . જેના નં. 02/2013 હતા. જે નામ. મજુર અદાલતે વાદીની આ રીકવરી અરજી રદ કરેલ છે. વાદીએ રીકવરી અરજીમાં જે માંગણી કરી હતી તે જ માંગણી આ કેસમાં કરેલ છે. આ કેસના વાદી નિમણુંક પત્રની શરતો મુજબ રાજીનામું આપેલ નહિં. પરંતુ નિમણુંક શરતોનો ભંગ કરી રાજીનામું આપી. નોકરી છોડી જતાં રહેલ છે. જેથી આ નિમણુંક પત્રની શરતો મુજબ વાદી આ કેસમાં માંગેલ રકમ માંગવા કે મેળવવા હક્કદાર નથી. આ કેસના વાદીએ માંગેલ રકમ અંગે કોઈ બાયફરગેશન આપેલ નથી. જેમ કે, વાદી હક્ક રજાની કેટલી રકમ પ્રતિવાદી પાસે નીકળે છે તે જણાવેલ નથી. કેટલા દિવસનો પગાર કેટલો થાય છે તે પણ જણાવેલ નથી. તેમજ ક્વાર્ટરલી ઈન્સેટીવ કેટલી રકમ લેણી નીકળે છે તે પણ આ કેસમાં જણાવેલ નથી. તેમજ વાદીએ તેમની નોકરી પરત્વેની કેટલી મેડીકલ રજા પ્રતિવાદી પાસે પેન્ડીંગ છે અને કેટલી રકમ પેન્ડીંગ છે. તેનો પણ ઉલ્લેખ કરેલ નથી. જેથી

આવી મભમ અરજીમાં માંગેલ રકમ વાદી મેળવવા હક્કદાર નથી. આ કામના વાદીએ રાજીનામું આપતા સમયે નિમણુંક પત્રની શરતો મુજબ એક માસનો નોટીસ પીરીયડ આપેલ ન હોય જેથી પણ વાદી પાસે પ્રતિવાદી નોટીસ પીરીયડની રકમ પણ વસુલ મેળવવા હક્કદાર નથી. વાદીને પ્રોવિડન્ટ ફંડની રકમ મેળવવી હોય તો તેમણે ઈ.પી.એફ. ઓફિસમાં તે અંગેની જરૂરી કાર્યવાહી કરી તેમના ઈ.પી.એફ.ની રકમ મેળવી શક્યા હોત. **ઈ.પી.એફ.ની રકમ પ્રતિવાદી આપવા કાયદા મુજબ બંધાયેલ નથી.** પ્રતિવાદી સંસ્થાના કર્મચારીઓને લાગુ પડતા નિયમો મુજબ અને સંસ્થાના નિયમો મુજબ આ કેસના વાદી સંસ્થા પાસે કોઈ પણ દાવા અરજી મુજબની રકમ પ્રતિવાદી પાસે માંગવા કે મેળવવા હક્કદાર નથી. વાદીએ પ્રતિવાદી સંસ્થામાં નોકરી મેળવતા સમયે જે ડોક્યુમેન્ટો રજુ કરેલ તે વાદીને પ્રતિવાદી સંસ્થાએ આપી દીધેલ છે તે મળ્યા બદલની વાદીએ પ્રતિવાદીની સહી કરી આપેલ છે. જે પત્ર અલગ દસ્તાવેજી લીસ્ટથી રજુ રાખેલ છે. આ કેસના વાદીએ પ્રતિવાદી પાસે કોઈ સ્પષ્ટ રકમની ગણતરી કર્યા વગર મભમ અને લમસમ માંગણી કરેલ હોય અને માંગણી અંગેનું કોઈ સ્પષ્ટીકરણ દાવા અરજીમાં ન હોય જેથી પણ વાદી પ્રતિવાદી પાસે આ રકમ માંગવા કેસ મેળવવા હક્કદાર નથી.

પ્રતિવાદી, વાદી તરફે વિ. વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, હુ પ્રતિવાદી કંપનીમાં છેલ્લા ૨૬ મહિનાથી

આસીસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવુ છુ. **એ વાત ખરી છે કે હાલના કેસ અંગે અને વાદી અને પ્રતિવાદીના વ્યવહાર અંગે અમોને કોઇ અંગત જાત માહિતી નથી, માત્ર રેકર્ડ ઉપરથી જુબાની આપુ છુ.** આંક વાળુ સોગંધનામુ મે ધિરુભાઇ એડવોકેટ પાસે કરાવેલુ. એ વાત ખરી છે કે હુ સોગંધનામુ કરવા ગઇ ત્યારે સોગંધનામામાં લખેલ વિગત તૈયાર હતી. સોગંધનામાની વિગત તૈયાર હતી તેમા મારુ નામ પેનથી હાથેથી લખી અને ત્યારબાદ મે સોગંધનામામાં મે સહી સિક્કા કરેલા. એ વાત ખરી છે કે વાદી ને પ્રતિવાદી સંસ્થામા જે નોકરી હતી તે એગ્રીમેન્ટ બેઇઝડ ઉપર હતી અને તેનો સમયગાળો ત્રણ વર્ષ સુધીનો હતો. મે વાદી અને પ્રતિવાદી સંસ્થા વચ્ચેનુ એગ્રીમેન્ટ વાંચેલુ છે. એ વાત ખરી છે કે આંક ૧૭ વાળા એગ્રીમેન્ટ મુજબ **જાન્યુઆરી ૨૦૦૯ માં નોકરીનો સમયગાળો શરુ થયેલો અને જાન્યુઆરી ૨૦૧૨ માં નોકરીનો સમયગાળો પુર્ણ થયેલો.** મે આંક ૧૯ વાળો વાદીને આપવામાં આવેલ લેટર ઓફ પ્લેસમેન્ટ વાંચેલ છે. એ વાત ખરી નથી કે અમારા પ્લેસમેન્ટ લેટર મુજબ ત્રણ વર્ષના નોકરીના સમયગાળામાં પ્રોબેશન પિરીયડ છ માસનો હતો અને તે વધુ ત્રણ માસ સુધી એક્સટેન્ડ કરી શકાય તેવી જોગવાઇ છે. મને અંગ્રેજી વાંચતા ફાવે છે. મને અમારી સંસ્થાએ ઇસ્યુ કરેલ આંક ૧૯ વાળો લેટર ઓફ પ્લેસમેન્ટ વંચાવવામાં આવે છે જે જોઇને જણાવુ છુ કે સંસ્થામા વાદીનો પ્રોબેશન પિરીયડ છ માસ નો હતો જે વધારીને વધુ ત્રણ માસ વધારી શકાય. એ વાત

ખરી છે કે **વાદી એ એગ્રીમેન્ટ મુજબના ત્રણ વર્ષનો સમય સંસ્થામા નોકરી કરેલી અને પ્રોબેશન પિરીયડ પુર્ણ કરી દીધેલ.** એ વાત ખરી છે કે આ પ્રોબેશન પિરીયડ દરમિયાન પ્રતિવાદીએ વાદીને શો કોઝ નોટીસ આપવી પડેલ હોય તેવુ બનેલ નથી. મને આંક ૧૭ વાળો એપ્રુવલ કમ સિલેક્શન લેટર વંચાવવામાં આવે છે. જે વાંચીને કહુ છુ કે તે લેટર મુજબ નોકરીનો સમયગાળો ત્રણ વર્ષનો હતો જે સને ૨૦૧૨ માં પુર્ણ થયેલ. એ વાત ખરી નથી કે કોન્ટ્રાકટ પુર્ણ થયા બાદ કર્મચારીને કન્ટીન્યુ કરવા કે કેમ તે કંપની નક્કી કરે છે, સાહેદ સ્વેછાએ જણાવે છે કે કંપની કોન્ટ્રાક્ટ પુર્ણ થયા બાદ કંપની કર્મચારીને જવા માટે કહેતી નથી. એ વાત ખરી નથી કે અમારી કંપનીમાં કોન્ટ્રાક્ટ પુર્ણ થયા બાદ ફરીથી નોકરી કન્ટીન્યુ કરવા માટે ફરીથી કોન્ટ્રાક્ટ કરવાનો રહેતો નથી. મને આંક ૨૩ વાળો વાદીએ પ્રતિવાદી કંપનીની રીજ્યુનલ બ્રાન્ચ અમાદાવાદ ખાતે લખેલ તારીખ **૦૧/૦૫/૨૦૧૨ વાળો પત્ર વંચાવવામાં આવે છે જેની નકલ સંસ્થાની હેડ ઓફીસ દિલ્હી ખાતે તથા રાજકોટ બ્રાન્ચ ખાતે મોકલેલ જેમા વાદીએ તેના બાકી નીકળતી લેણી રકમ વહેલી તકે ચુકવી આપવા વિનંતી કરેલી. એ વાત ખરી છે કે આંક ૨૩ વાળા વિનંતીપત્રના અનુસંધાને અમોએ કોઇ જવાબ આપેલ હોય તેવી કોઇ હકીકત આ કામે રજુ રાખેલ નથી.** અમારી કંપની ગોલ્ડ લોન આપવાનુ કામ કરે છે. એ વાત ખરી છે કે તે સંજોગોમાં અમારી કંપનીને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાના નોર્મસ એપ્લીકેબલ થાય. એ

વાતનો મને ખ્યાલ નથી કે કોઇ વ્યક્તિને કોન્ટ્રાક્ટ પુર્ણ થયા બાદ નોકરી છોડવા માટે એક મહિનાનો નોટીસ પિરીયડ આપવો પડે તેવો કોઇ નોર્મસ રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાનો છે કે કેમ , સાહેદ સ્વેછાએ જણાવે છે કે અમુક નોર્મસ કંપનીના પોતાના હોય છે. એ વાત ખરી છે કે કોઇપણ વ્યકતિને નોકરી કરવા માટે કે અન્ય જગ્યાએ નોકરી સ્વીકારવા માટે તેના ડીગ્રી સર્ટીફીકેટ ખુબ જ મહત્વના છે. એ વાત ખરી છે કે આ ડીગ્રી સર્ટીફીકેટ વગર ક્યાય મેનેજરીયલ પોસ્ટની નોકરી ન મળે. મને આંક ૧૮ વાળી પહોચ વંચાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે **વાદીએ તેના ડીગ્રી સર્ટીફીકેટ તારીખ ૧૨/૦૧/૨૦૦૯ ના રોજ અમારી કંપનીમાં જમા કરાવેલ. એ વાત ખરી છે કે વાદીએ નોકરી છોડ્યા બાદ ૧૩ વર્ષ સુધી અસલ ડોક્યુમેન્ટ પરત આપવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે અસલ ડીગ્રી સર્ટીફીકેટ તારીખ ૦૧/૦૭/૨૦૨૫ ના રોજ હાલનો દાવો દાખલ થયા બાદ પ્રતિવાદીએ વાદીને પરત સોંપેલ.** એ વાત ખરી નથી કે ડીગ્રી સર્ટીફીકેટના અભાવે વાદી અન્ય જગ્યાએ નોકરી કરી શકે નહી. એ વાત ખરી નથી કે વાદીની નોકરીનો સમયગાળો પુર્ણ થયા બાદ વાદીનો ૧૩ દિવસનો બાકી પગાર, ૧૮ દિવસનો હક્કરજાનો પગાર, ત્રણ માસનો ઇન્સેન્ટીવ, પ્રોવિડન્ટ ફંડની રકમ, વિગેરે અમોએ વાદીને આજદિન સુધી ચુકવેલ નથી. એ વાત ખરી છે કે ઉપરોક્ત તમામ રકમ અમો પ્રતિવાદી કંપનીએ વાદીને ચુકવી આપેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી.

એ વાત ખરી છે કે મજુર અદાલતમાં જે ૨/૨૦૧૩ થી રીકવરી અરજી કરેલી તે હકુમતના અભાવે રદ થયેલી. મને આંક ૩૨ વાળુ લેબર કોર્ટનુ જજમેન્ટ બતાવવામાં આવે છે જે અરજી તારીખ ૦૪/૦૭/૨૦૧૯ ના રોજ રદ થયેલી છે. મને આંક ૩૩ વાળી હાલનો દાવો દાખલ કરતા પહેલા વાદીએ એડવોકેટ કે ડી શાહ મારફત આપેલ નોટીસ વંચાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તે તારીખ ૨૦/૦૨/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલી અને તેમા રુ. ૮૩,૦૦૦/- વાદીના કઇ રીતે લેણા નીકળે છે તેનુ વિવરણ છે. એ વાતનો મને ખ્યાલ નથી કે તે નોટીસનો કોઇ જવાબ આપેલ છે કે કેમ. એ વાત ખરી નથી કે વાદીની કાયદેસરની બાકી રહેતી લેણી રકમ ચુકવવી ન પડે એટલા માટે અમોએ આંક ૩૩ વાળી નોટીસનો જવાબ આપેલ નહી અને હાલના દાવા નો આંક ૭ વાળો ખોટો જવાબ રજુ રાખેલ છે. એ વાત ખરી નથી કે હુ પ્રતિવાદી સંસ્થામા નોકરી કરતી હોય પ્રતિવાદી સંસ્થાના બચાવમાં ખોટુ સરતપાસનુ સોગંધનામુ આપેલ છે.

**–: <u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

**૧૨.** હાલના કામે વાદી તરફે રજુ થયેલ દાવા અરજી, વાદી તરફે રજુ થયેલ સોગંદનામું, વાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી આધારો તથા વાદી વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધી. તેમજ આ કામે પ્રતિવાદી તરફે રજુ થયેલ દાવાનો જવાબ, પ્ર

તિવાદીનું સોગંદનામું તથા પ્રતિવાદીની વાદી તરફે થયેલ ઉલટ તપાસ તેમજ પ્રતિવાદી તરફે કરવામા આવેલ દલીલો ધ્યાને લીધી.

આ કામે ઘડવામાં આવેલ મુદ્દા જેમા નં. ૧.શું વાદી પુરવાર કરે છે કે તેઓ ૩ વર્ષ કરાર આધારીત નોકરી કરતા હોય તેઓ પ્રતિવાદીઓ પાસેથી ઈન્સેન્ટીવ, રજા પગાર , ૧૩ દિવસનો નોકરી પગાર તથા પ્રોફ રૂ.૮૩,૦૦૦/– મેળવવા હકકદાર છે ?

તેના અનુસંધાને આ કામે વાદી તરફે રજુ થયેલ દાવા અરજી, સોગંદનામું તેમજ વાદીની પ્રતિવાદી તરફે કરવામા આવેલ ઉલટ તપાસ તેમજ વાદીએ સોગંદનામાના સમર્થનમાં રજુ કરેલા દસ્તાવેજી, જે દસ્તાવેજી પુરાવાનું પ્રતિવાદી તરફે ખંડન કરવામા આવેલ છે કે કેમ ? તેમજ પ્રતિવાદી તરફે રજુ થયેલ સોગંદનામું તેમજ પ્રતિવાદીની વાદી તરફે કરવામા આવેલ ઉલટ તપાસ તેમજ બંને રજુ થયેલ દલીલ એમ આ કામે રજુ થયેલ સમગ્ર રેકર્ડ ઉપર  રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ખુબજ મહત્વના છે જે ધ્યાને લેતા હકીકત આ કામે પ્રતિવાદીનાએ વાદીના નામનું ઈસ્યુ કરેલ બોન્ડ જે તા.૧૨/૧/૦૯ ના રોજનું છે અને તેમા વાદીનું નામ અને પગાર ની રકમ તેમજ અન્ય ભથ્થાની રકમ તેમજ બોન્ડનો સમય ગાળો ૩ વર્ષ નો દર્શાવેલ છે જે ધ્યાને લેતા વાદી આ કામે પ્રતિવાદી મુથુટ

ફાયનાન્સ વચ્ચેનો ત્રણ વર્ષનો નોકરીના સમયગાળાનો બોન્ડ થયેલ છે તેમજ પગાર અને અન્ય ભથ્થાની વિગતો તેમા જણાવેલ છે અને એચ. આર. ડિપાર્ટમેન્ટના ઓથોનેટીક વ્યકિત ધ્વારા તેમાં સહી થયેલ છે જેનું ખં ડન પ્રતિવાદી તરફે કરવામા આવેલ નથી. વધુમા વાદીએ જણાવ્યા મુજબ કરારની શરત મુજબ અમોએ કરારની પુરી સમયમર્યાદા સુધી એટલે કે કરાર પુર્ણ થતા સુધી પ્રતિવાદીઓને ત્યાં નોકરી કરેલ હોય,એટલે કે ૩ વર્ષના સમયગાળા દરમ્યાન અધવચ્ચે નોકરી છોડેલ ન હોય, તેજ રીતે પ્રતિવાદીઓએ અમારો કરાર રીન્યુ પણ કરેલ ન હોય, તેમજ આજ હકીકત પ્રતિવાદી એ ઉલટ તપાસમા પણ સ્વીકારેલ છે વાદીની નોકરીનો સમયગાળો પુર્ણ થયા બાદ વાદીનો ૧૩ દિવસનો બાકી પગાર, ૧૮ દિવસનો હક્કરજાનો પગાર, ત્રણ માસનો ઇન્સેન્ટીવ, પ્રોવિડન્ટ ફંડની રકમ, વિગેરે અમોએ વાદીને આજદિન સુધી ચુકવેલ નથી તથા અમો પ્રતિવાદી કંપનીએ વાદીને ચુકવી આપેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તે ધ્યાને આ કામના વાદી, પ્રતિવાદીઓ પાસેથી ઈન્સીન્ટીવ, રજા પગાર, ૧૩ દિવસનો નોકરી પગાર તથા પ્રો. ફંડના રૂા.૮૩,૦૦૦/– મેળવવા હકકદાર થાય છે.

વધુમા આ કામે ઘડવામા આવેલ મુદા નં ૨.શું વાદી પુરવાર કરે છે કે વાદીના અસલ ડીગ્રી સર્ટીફીકેટ પ્રતિવાદી દવારા ગેરકાયદેસર રીતે રોકી

રાખવાનું કૃત્ય ગેરકાયદેસર અને અન્યાયી છે ? હાલના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ ઉપરોકત મુદ્દા પરત્વે આ કામે વાદી તરફે આં ક–૭૧ થી તા.૩૧/૭/૨૫ ના રોજ રજુ થયેલ પુરસીસ રજુ થયેલ છે અને તેમા વાદીએ જણાવેલ છે કે, આ કામના વાદીની નોકરી સમયે રજુ કરેલા અભ્યાસ અંગેના દસ્તાવેજો મળી ગયા છે જેની નકલ આ સાથે રજુ છે તેવુ પુરસીસથી જાહેર કરેલ છે તે ધ્યાને લેતા આ કામના વાદીના અસલ સર્ટીફીકેટ પ્રતિવાદી ધ્વારા ગેરકાયદેસર રીતે રોકી રાખવાનું કૃત્યુ થયેલ છે તે હકીકત બીન તકરારી સાબીત થાય છે તેમજ આ કામે પ્ર તિવાદીનું રજુ થયેલ સોગંદનામું તેમજ ઉલટ તપાસ ધ્યાને લેતા પણ પ્ર તિવાદીએ વાદીના અસલ ડિગ્રી સર્ટીફીકેટ આ કામે દાવો  કરતા પહેલા સોપેલ ન હતા તે પણ સાબીત થાય છે તે જોતા પ્રતિવાદીઆ આ કૃત્ય ગેરકાયદેસર અને અન્યાયી છે તેમ પણ સાબીત થાય છે તે જોતા વાદી મુદ્દા નં.ર સાબીત કરવામા સફેલ થયેલ છે.

વધુમા આ કામે ઘડવામા આવેલ મુદા નં ૩.શું વાદી પુરવાર કરે છે કે તે ૧૨% લેખે ચડત વ્યાજે લેણી રકમ મેળવવા હકકદાર છે.  તે બાબતે આ કામે રજુ થયેલ વાદીના મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા તેમજ વાદીની પ્રતિવાદી તરફે રજુ થયેલ ઉલટ તપાસ તેમજ વાદીને આજ દિન

સુધી દાવામાં માંગેલી રકમ પ્રતિવાદી તરફથી ચુકવવામા આવેલ હોય તેવુ રેકર્ડ રજુ થયેલ નથીતેમજ આ જ હકીકત પ્રતિવાદી સ્વીકારે છે તે જોતા વાદી દાવામા માંગેલી રકમ ૯ ટકાના વ્યાજ સહીત મેળવવા હકકદાર થાય છે. તેમજ આ કામે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા જોતા આ કામે લેબર કોર્ટનો ચુકાદો તા.૪/૭/૧૯ ના રોજ આવેલ છે અને ત્રણ વર્ષનો સમયગાળો જોતા આ કામે સમય મર્યાદામાં દાખલ થયેલ છે. આમ આ કામે ઘડવામા આવેલ ઉપરોકત મુદાઓ તેમજ તેના આપવામા આવેલ ઉપરોકત નિર્ણયોના જવાબ ઘ્યાને લેતા વાદી માંગ્યા મુજબની દાદ પણ મેળવવા હકકદાર થતા હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં, નં.ર નો જવાબ હકારમાં, નં.૩ નો જવાબ અંશત: હકારમાં, નં.૪ નો જવાબ હકારમાં, નં.પ નો જવાબ હકારમાં આપવામા આવે છે અને મુદા નં.૬ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: આ ખ રી હુ ક મ :-</u>**

(૧) વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

(ર) આ કામના વાદી પ્રતિવાદીઓ પાસેથી ઈન્સેન્ટીવ, રજા પગાર, ૧૩ દિવસનો નોકરી પગાર તથા પ્રો. ફંડના રૂા.૮૩,૦૦૦/- ની રકમ ૯ ટકાના ચડત વ્યાજ સાથે દાવો દાખલ કર્યાની તારીખ મેળવવા હકકદાર થાય છે

(૩) પ્રતિવાદીઓએ સંયુકત અને વિભકત રીતે વાદીની રકમ હુકમની તારીખથી દિવસ–૩૦ માં ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીઓ વાદીની રકમ ચુકવવામા નિષ્ફળ જાય તો, વાદી પ્રતિવાદીઓની સ્થાવર અને જંગમ મીલકત માંથી આ રકમ વસુલ મેળવી શકશે.

(૫) આ કામે વાદીના અસલ ડિગ્રી સર્ટીફીકેટસ પ્રતિવાદી ધ્વારા દાવો ચાલતા સમય દરમ્યાન વર્ષ ૨૦૨૫ માં વાદીને સોપી આપેલ હોવાનું વાદીએ જણાવેલ છે તે જોતા પ્રતિવાદી ધ્વારા અગાઉ તે સોપેલ ન હતા તેમ પણ સાબીત થતું હોય જે બદલ પ્રતિવાદી ઓએ વાદીને રૂા.૨૫,૦૦૦/– માનસીક હેરેસમેન્ટ પેટે સ્પે. ખર્ચ ના ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) હુકમ મુજબ હુકમનામું દોરવું.

ચૂકાદો આજ તા....૨૩.....માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો

રાજકોટ.

તા.૨૩/૪/૨૬

(**મિતલબેન દિલીપસિંહ જાદવ**)
૮મા અધિક સિવિલ જજ (જુ.ડી.)
**રા જ કો ટ.**
**UIC NO.GJ01746**